ખુલ્લી ચીઠ્ઠીનો જવાબ.

રચી પ્રગટ કરનાર.

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીઆવાડ.

ઇ. સ. ૧૯૧૬ પ્રત ૧૦૦૦.

ધી પોળા પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ, માંડવી રોડ—અમરેલીમાં
મેનેજર એદલજી ધનજીએ પોતાને માટે છાપ્યું. તા. ૧૫-૪-૧૬

કીંમત પાંચ આના.

ખુલ્લી ચીઠ્ઠીનો જવાબ.

રચી પ્રગટ કરનાર.

અદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીયાવાડ.

ઇ. સ. ૧૯૧૬ પ્રત ૧૦૦૦.

ધી લોહાણા પ્રકાશ પ્રીન્ટીગ પ્રેસ, માંડવી રોડ—અમરેલીમાં
મેનેજર અદલજી ધનજીએ પોતાને માટે છાપ્યું. તા. ૧૫-૪-૧૬

કીંમત પાંચ આના.

આગાખાની ખુદાઈનો જવાબ.

પેશાવરવાળા આગાખાની મતમાંથી નીકળી ગએલા મી. રાધાકૃષ્ણે હમણાં આગાખાની ખુદાઇ નામે આગાખાન મત વિરૂદ્ધનું દળદાર પુસ્તક બહાર પાડયું છે અને તેમાં આગાખાન ઉપર, તેમના મત ઉપર તથા સાથે સાથે ઇસલામ ઉપર બહુજ નિર્દય હુમલાઓ કીધા છે. અમોએ ખાસ મોટી જાનફેશાની ખેંચી તેનો દંદાંશીકન જવાબ લખવા માંડયો છે. તેમાં મી. રાધાકૃષ્ણના આક્ષેપોની પુરેપુરી પોલ ખોલવામાં આવી છે. અને તેમના મલીન હેતુને બહુજ સફાઇથી ખુલ્લો કરી બતાવી ઇસલામી આલમનું તે તરફ લક્ષ ખેંચ્યું છે. આગાખાન મત ઉપર તેમાં હેરત ભર્યું અજવાળું પાડવામાં આવ્યું છે અને સાથે સાથે આર્ય સમાજીના હતકંડાઓથી બચવા બચાવવાના માર્ગો બતાવવામાં આવ્યા છે. તુરતમાંજ છપાઇ બહાર પડશે. કીંમત એક રૂપીઓ.

નીચેના સરનામે નામ નોંધાવો.

એદલજી ધનજી કાબા.

અમરેલી-કાઠીયાવાડ.

પ્રસ્તાવના.

આગાખાનના મુરીદો, જે પ્રથમ હીન્દુ હતા, અને તેને ઇસલામી મીશનરી પીરોએ કેટલાક સૈકા પુર્વે મુસલમાન કીધા છે; તે મીશનરી પીરોએ, હીન્દુઓને વટલાવવાની એક શામંઆણુ પદ્ધતિનો ઉપયોગ કીધો હતો. પ્રથમ હીન્દુઓના ધર્મ શાસ્ત્ર સાથે મળતા થઇ જવું; પછી ધીમે ધીમે તેવા ધર્મ શાસ્ત્રમાં થોડી થોડી મુસલમાની બાબતો દાખલ કરે જવી છેવટે સઘળી હીન્દુ બાબતોને તજાવી પાકા મુસલમાન બનાવવા. આ પધ્ધતિ જેટલી શામખાણુ હતી; તેટલીજ તે કોઇપણુ પ્રકારના કોલાહલ વિના ફતેહના કાર્યને આગળ વધારનારી હતી. આવી ઘટમાળ ચાલતાં હજારો હીન્દુ કુટુમ્બો ધીમે ધીમે પોતાનો હીન્દુ ધર્મ તજી મુસલમાન થઇ ગયાં; પરંતુ જ્યારે કુશળ મીશનરી પીરો ન રહ્યા; અથવા તો તેમની ઓલાદમાં તેવી પુર્ણ કુશળતા ન રહી; ત્યારે તે મીશનનું અધુરૂં કામ તેમજ લટકતું રહી ગયું. હજારો કુટુમ્બો પાકા મુસલમાનો થઈ ગયા હતા; તથાપિ હજારો એવાં પણ રહેવા પામ્યાં કે, હજુ જેમના પર મીશન પ્રયોગની જરૂર બાકી રહી જવા પામી હતી. તેમને પાકા બનાવવા માટે મીશનરી પ્રયોગની આવશ્યકતા હતી; પરંતુ તેવા મીશનરી પીરોજ નહિ હતા;

તેથી તેમનાપર જેટલો મીશન પ્રયોગ થયો હતો, અને જેટલા પ્રમાણમાં તેઓ મુસલમાન થવામાં આગળ વધ્યા હતા, તે સ્થિતિ જેવીને તેવી રહી ગઇ. આ સ્થિતિ હીન્દુ તથા મુસલમાન ધર્મની મીશ્રણવાળી હતી. અને તેમ થવાનું ઉપર જે કારણ બતાવ્યું, તે હતું. હવે તેવા મુરીદોમાંના ઘણાકો તો પાછળથી પીરોના હેતુને પામી જતાં; પાકા મુસલમાન થઇ ગયા; પરંતુ કેટલાક પોતાની જે મીશ્ર માન્યતા થઇ હતી; તેનેજ એક નવો પંથ કહેવા મંડી ગયા. અને તેવા વર્ગમાંના પંજાબના કેટલાક આગાખાનના શમ્શી મુરીદો પણ છે.

આગાખાન મતના લોકોમાંના કેટલાકો, કે જેમના હાથમાં આગાખાન સાહેબે કેટલાક વસુલાતી અધિકારો આપેલા છે, તેઓ પોતાની અજ્ઞાનતાને લઇ અથવાતો નહિ માલુમ બીજા કોઇ કારણને લઇ, ઉપર જણાવેલી મીશ્ર માન્યતાને આગાખાન મત એવું માની તેનેજ પોતાનો ધર્મ માનવા લાગ્યા. અને આગાખાન સાહેબે આપેલા અધિકારોના નીશામાં બીજાઓને પણ તેમ મનાવવા પ્રયત્નો કરવા લાગ્યા; પરંતુ મી० ધોળક્યાના કહેવા પ્રમાણે " શાણાતો સમજી અલગ થયા પણ બાળક બીચારા લપટાયા " તેમ સંખ્યાબંધ કુટુમ્બોએ તેમની સામે પ્રોટેસ્ટ ઉઠાવ્યો. અને પેલા પોતાના મતને આગાખાન મત એવો જુદોજ મત જણાવનારા, પોતા પાસે અધિકાર ધરાવતા હતા; તેથી પ્રોટેસ્ટ કરનારાને તાબે થયા નહિ અને

તેથી પ્રોટેસ્ટ કરનારાઓએ છેવટે જુદું તડ કરી લીધું. પ્રોટેસ્ટ કરનારાની સંખ્યા દીન પ્રતિદીન વધતીજ ચાલી.

પોતાના મતને જુદોજ આગાખાન મત માનનારા, ધર્મની મીશ્ર માન્યતાને માનવા લાગ્યા. આવી માન્યતા વધુ વખત માટે ટકી રહે તો, મોટી હાની થાય એ નિર્વિવાદ વાદ હતી અને થયું પણ તેમજ. એટલેકે પંજાબના ૫૦૦ શમ્શી મુરીદો, આર્ય સમાજમાં મળી ગયાં. આમ થવાનું કારણ તેમને મીશનરી પીરોના હેતુ સુધી નહિ પહોંચાડવામાં આવ્યા તેજ હતું; પરંતુ દીલગીરિની વાત છે કે, પેલા મુખી તથા કામડીયાઓ આટલું નુકસાન સહન કરવા છતાં પણ, પોતાની ભુલ સમજવા કે તજવા પામ્યા નહિ. આવી સ્થિતિનો લાભ લેવાને આર્ય સમાજીઓ ફરાં ફરાં કરતા ચારે તરફથી દોડી આવ્યા અને ૫૦૦ શમ્શી મુરીદોને પોતાની ચાંચમાં ઉપાડી આર્ય સમાજ ટોળાંમાં લઇ ગયા. આવી ફતેહમંદી પ્રાપ્ત થતાં આર્ય સમાજીઓની દાઢ તેજ થઇ અને તેઓ આગાખાન મતના વધુને વધુ મુરીદોને આર્ય સમાજી બનાવી દેવાને દોડધામ કરવા લાગી ગયા. પેપરો તથા પુસ્તકોમાં જેમ ફાવ્યું તેમ છાપતા રહ્યા અને હજુ પણ છાપેજ જાય છે. તેઓએ આગાખાની લોકોને આર્ય સમાજી બનાવવા માટે પંજાબમાં એક મીશન ખાતું " આગાખાની હીન્દુ રક્ષા મીશન " નામે સ્થાપન કીધું અને તેના ઉપદેશકો ઠામ ઠામ આગાખાન મત

વિરૂદ્ધમાં ભાષણો કરવા લાગી ગયા. આ મીશનના મી. રાધાઃ કૃષ્ણ ઓનરરી લેક્ચરાર છે. કહેછે કે તેમણે આગાખાની મતના લોકોને આર્ય સમાજી બનાવી દેવાને પોતાની જીંદગી વકફ કરી નાંખી છે. જીંદગી વકફ કરી નાંખી હોય, કે ન નાંખી હોય પણ એ વાતતો ખરી કે, આગાખાની મત ઉપર લોકોની અસાધારણ આશ્ચર્યતા વચ્ચે, એક ચોંકાવનારો હુમલો આવી લાગ્યો.

આવા હુમલા સામે બચાવ કરવાને આગાખાન મતના લેખકો તથા પેલા આગાખાને નીમેલા વસુલાતી અધિકારીઓએ પ્રયત્ન કરવો જોઇતો હતો; પરંતુ તેઓ તો મીશ્ર મતની માન્યતાને ખરા ધર્મની માન્યતા માની લેવાની ભ્રમણામાં પડી ગયા; તેથી તેઓ લગભગ નકામા જેવા થઇ ગયા; પરંતુ તેમને નકામા થયેલા જોઇ, અમો એમ સમજી ગયા કે, જો આવી સ્થિતિ વચ્ચે આગાખાની લોકોનું રક્ષણ નહિ કરવામાં આવે તો; તેથી ઇસલામને મોટી હાની પહોંચશે. તેથી અમોએ આગાખાની લોકોની ખરી હીમાયત કરવાનું અને તેમ કરી ઇસલામનો બચાવ કરવાનું બીડું ઝડપ્યું છે. અને તેવી ફરજને આધિન થઇ, અમોએ કેટલાંક પુસ્તકો છપાઃવ્યાં છે. તથા હજી છપાવવાની ઉમેદ છે અને તે એટલે સુધી કે, આગાખાની લોકોની મીશ્રમત વાળી ભ્રમણા નાબુદ થઇ જાય. આવા કારણને લઇ મી૦ રાધા કૃષ્ણના "ખુલી ચીઠ્ઠી" નામક રીસાલાનો આ જવાબ અમોએ બહાર પાડયો છે.

આગાખાન મતના લોકોને ઉદ્દેશીને અમારે જે કાંઇ કહેવાનું છે તે, ભુમિકામાં અમોને લાગે છે કે, અમોએ અસરકારક રીતે જણાવ્યું છે. અહીં માત્ર મી. રાધાકૃષ્ણને અમો એટલું જણાવવા માગીએ છીએ કે, તમારે ધીણોજાને તથા આર્ય સમાજીઓના છેતરપંડી કરનારા વિવાદના ધોરણને તજી આપી; પછી ન્યાયની રૂએ છાપવા તથા શાસ્ત્રાર્થ કરવાને મેદાનમાં આવવું; એટલે અમો તમારી દરેક શંકાઓનાં સમાધાનો કરી આપવાને તૈયાર છીએ. જો અમો તમારાથી ગભરાતા હોઇએ તો, તે માત્ર તમારા ધીણોજા તથા ગાળગલોચ આપનારા શબ્દોથીજ. જો તમો તમારા પોતાનાજ લખાણને, તમારા વિરોધીનું લખાણ છે એમ ઘડીભર માટે માની લઇ, વાંચી જુઓ તો, તમોને અમારી વાત ઉપર ઇતબાર આવ્યા વિના રહેશે નહિ. આ પ્રમાણેનું તમારૂં ધ્યાન ખેંચી અમો આશા રાખીએ છીએ કે, તમો તેનાપર બારીક વિચાર કરશો અને જો તમોને તમારી ભુલ ખુલ્લી રીતે જણાઇ આવે તો, તે તજી આપશો.

તમારી " ખુલી ચાઠી " નો અમોએ આ સંક્ષિપ્તમાં જવાબ આપ્યો છે તે સંબંધે તમારે જે કાંઇ અમોને લખવું તથા પુછવું હોય તે, અમો ખુલ્લી રીતે જોવાને તથા તેનો જવાબ આપવાને તૈયાર છીએ અને તે બાબતનું તમોને આ ખાસ ચેલેન્જ પણ કરીએ છીએ; શાયદ કે તમો અમારા ચેલેન્જને સ્વીકારો અને પરિણામે ભ્રમણાની એક જબરદસ્ત કપટ જાળથી મુક્ત થાઓ.

એદલજી ધનજી કાબા.

ભુમિકા.

દાના દુશમન જેટલો ભયંકર તથા હાની કર્તા છે; તેથી અનેક ગણો મુર્ખ મિત્ર ભયંકર તથા હાની કર્તા છે. દાના દુશમનોથી આજસુધી જગતને ઓછી હાનીઓ પહોંચી છે; પરંતુ મુર્ખ મિત્રોએ તો કાળો કેર વર્તાવી આપ્યો છે. મુર્ખ મિત્રોએ મિત્રાચારીના સ્વરૂપમાં રહી, જેની તેઓ મિત્રાચારી કરેછે, તેના એવા કમકમાટ ભર્યાં હાલહવાલ કર્યા છે કે, જે માટેનો ગમમાતમ કીયામત સુધી બંધ થવાનો નથી. મોટા મોટા રાજ્યો, કરોડોની પ્રજા, કરોડોની દોલત તથા તેવીજ બીજી માતબર વસ્તુઓ શત્રુને તાબે કરાવનાર, જો કોઇ વસ્તુ અમારા જોવામાં આવી હોય તો, તે મુર્ખની મિત્રાચારી છે. મુર્ખ મિત્ર એવી ઉલટી રીતે હીમાયત કરે છે કે, જેથી દાના દુશમન કરતાં જેની તે હીમાયત કરેછે તેને હાની પહોંચે છે. મુર્ખ મિત્રની વર્તન તથા સલાહ જો કે, પોતાના મિત્રને લાભ આપવા માટેની હોય છે; પરંતુ તેની મુર્ખતા લાભને બદલે હાનીમાં ફેરવાઇ જાય છે.

મુર્ખ મિત્ર પોતાના સોબતીની ખામીઓને લાભની વાત જણાવે છે. અને તેને કોઇપણ રીતે પોતાની ખામી સમજવા

આપતો નથી. અને વાત એટલી હદ સુધી પહોંચી જાય છે કે, તે મિત્રની મિત્રતા આબાદ શત્રુની શત્રુતા બની જાય છે. અને તે પોતાની ખામીઓ તથા ભુલોથી સાવચેત ન થવા પામ્યો; તેથી તેનો શત્રુ તેનાપર બહુજ સરળતાથી ફાવી જાય છે. જો શત્રુને જલદીથી વિજય અપાવવો હોયતો, મુર્ખની મિત્રાચારી કરવી જોઇએ.

મુર્ખ મિત્રોમાં ધર્માન્ધપણું ફરજીઆત જોવામાં આવે છે અને તેવા ધર્માન્ધપણાને લઇ, તેમની મુર્ખતાની ઉત્પત્તી તથા શરૂઆત થાય છે. આ ધર્માન્ધતા એવી તો દુષ્ટ વસ્તુ છે કે મનુષ્યના સઘળા સદ્‌ગુણો તથા ખુબીઓનો નાશ કરી નાખે છે. ધર્માન્ધ મનુષ્ય ભલે પોતાના મુખથી ન કહે, પરંતુ તેનું વર્તન એમ જણાવી આપે છે કે, ન્યાય જેવી મનુષ્યને દીપાવનારી ઉત્તમ વસ્તુ તેનામાં નથી. ધર્માન્ધપણું વ્યવહારિક બાબત કરતાં ધાર્મિક બાબતમાં બહુજ હાની કારક છે. અને તે સઘળી હાનીઓ ધર્માન્ધ ટોળાંને ફાળે આવે છે.

ધર્માન્ધ નહિ એવો મનુષ્ય, જો તે ધર્મમાં પાકટ હોયતો, તે હમેશાં તે ધર્મનો સાચો અને ડાહ્યો મિત્ર ગણાય છે. તે તેના રહસ્યો તથા ખુબીઓનો પ્રચાર કરેછે. તેના મુળ તત્વોને દલીલો તથા ન્યાયથી સિધ્ધ કરેછે. વિરોધીઓ, આક્ષેપ મુક-નારા અને નીંદા કરનારાની વાતોને તે ઠંડા પેટે શાંન્તીથી

સાંભળે છે અને પોતે પણ તે દુર કરવાને તત્પર થઇ જાય છે. તેમજ બીજા લોકોને પણ તેમજ કરવાનો પ્રસંગ આપે છે.

તેથી તદ્દન ઉલટું ધર્માન્ધ મનુષ્ય પોતાના ધર્મનો નાદાન મિત્ર હોય છે. તે સંપુર્ણ નાદાનીથી પોતાના ધર્મને હાની કરે છે. આ દુષ્ટ ટેવ કે, જે પ્રત્યેક બુદ્ધિશાળી મનુષ્યની દ્રષ્ટિમાં ધિક્કારને પાત્ર છે તે ગૃહણ કરતાંજ તે ધર્મના નૈતિક લક્ષણો અને તેના પરિણામોને કલંક લગાડે છે પોતાના ધર્મની ખુબીઓનો પ્રચાર થવા અને લોકોને તે તરફ ન્યાય ભરેલું વલણ લઇ જવાને બદલે, તેવી બાબતોને મજબુત રીતે રોકનાર બને છે. પોતાની ધર્માન્ધતાને લઇ અવિવેક, ગર્વિષ્ટ અને કોઇનીપણ આક્ષેપવાળી વાત નહિ સાંભળી શકે, તેવો સખ્ત દીલનો થઇ જાય છે.

ધર્મમાં ધર્માન્ધ મનુષ્ય બીજાઓના આક્ષેપોને, જે તેના ધર્મ ઉપર મુકવામાં આવ્યા છે, તે સાંભળવા કે ફેલાવાનું તે પસંદ કરતો નથી અને તેથી તે એ વાતનું કારણ બને છે કે વિરોધીઓના સઘળા આક્ષેપો વગર તપાસમાં લીધેલા અને વગર જવાબ આપેલા બાકી રહી જાય. અને તે પોતાની નાદાનીથી જાણે સઘળા લોકોને એમ જાહેર કરેછે કે, તેના ધર્મને વિરોધીઓના આક્ષેપો અતિ ધારતી ભર્યા અને તેને છીન્ન ભિન્ન કરી નાખનારા છે. આ ઉપરથી કહી શકાય છે કે, આ સઘળી બાબતો ધર્મ પ્રત્યેના પ્રેમની નથી; પરંતુ વિરોધીઓના હિત તથા ફતેહની છે.

ધર્માન્ધતામાં સૌથી મોટું નુકસાન એ છે કે, જ્યાં સુધી તે નથી જતું, ત્યાં સુધી કોઇ પણ પ્રકારની કુશળતા તેમાં આવવા પામતી નથી. સદ્ગુણોના અંકુરો, કુશળતા, સુધારો અને માણસાઇનું કિચિંત ચીન્હ પણ તેમાં નજરે પડતું નથી. અને જ્યારે તે ધર્મની ભુલાવો ખવડાવનારી નેકીના સ્વરૂપમાં પ્રકાશે છે ત્યારે, તે હલાહલ ઝેરજ થઇ જાય છે; કેમકે ધર્મ તથા ધર્માન્ધતાને કાંઇપણ સબંધજ નથી. મનુષ્યોને દુષ્ટ અને ખરાબ કરવા માટે શેતાનનો સૌથી મોટો દાવપેચ ધર્માન્ધતાને ધાર્મિક સ્વરૂપમાં દીલમાં નાંખવો અને તે અંધકારના ફરીસ્તાને પ્રકાશનો ફરીસ્તો કરી દેખાડવો તે છે.

ઉપર જે નાદાન મિત્ર તથા ધર્માન્ધતાનું, અને તેમાં પણ ખાસ કરીને, ધાર્મિક ધર્માન્ધતાનું જે ચીત્ર આલેખવામાં આવ્યું છે તે, અમારા આગાખાની જમાતના આગેવાનો તથા લેખકો ને આબાદ લાગુ પડે છે. તેઓએ પોતાની નાદાની ભરેલી, પોતાના મંડળ તથા ધર્મ પ્રત્યે ધર્માન્ધતા ભરી હીમાયત કરી, પોતાના મંડળ તથા ધર્મને પબ્લીકની દ્રષ્ટિમાં ખરાબ સ્વરૂપમાં મુકી આપેલ છે. અને તેમ થવા દેવાના તેઓજ જવાબદાર તથા જોખમદાર છે; પર ધર્મ તથા પોતાની જ્ઞાતી તથા ધર્મના, જે જે લોકોએ તેમના પર આક્ષેપો મુકયા તથા શંકાઓ રજુ કીધી; તેના પ્રત્યે તેઓએ કાંઇપણ લક્ષ આપ્યું નહિ; બલ્કે પોતાના સમાજમાં તેવી બાબતો પ્રત્યે દુર્લક્ષ કરવાનું તેઓએ શિક્ષણ

આપ્યું. આમ થવાથી તેમનો સમાજ, બીજા જે તેમના એબો જણાવતા તે જાણવા તથા જોવા પામ્યો નહિ અને પરિણામે તે બહુજ વગર તપાસાએલો રહી ગયો. આ બાબતના જવાબદાર તથા જોખમદાર ઉપર વર્ણવી બતાવેલા આસામીઓ તેટલા માટે છે કે, જો તેઓ તેવા આક્ષેપો તથા શંકાઓ વિશે તપાસ કરતે, અને તેવા આક્ષેપો પોતામાં નથી એમ સિધ્ધ કરી આપતે, અથવા જણાતે તો સુધારો કરતે, તો તેવું દયાજનક પરિણામ આવતે નહિ અને કોમની અપકીર્તિના ગલીયે ગલીયે વાવેલા થતે નહિ.

આ લખાણથી અમારી મુરાદ, અમારા આગાખાની અગ્રેસરોને, પોતાના સમાજ તથા ધર્મની નાદાની ભરી હિમાયત તથા ધર્માન્ધતા બતાવી, તેથી થયેલી હાનીઓ દર્સાવી અને તે હાનીઓથી મુક્ત થવાનું બતાવવાની છે. અને તેથી તે સિવાયની બાબતો, કે જેમાં પણ નાદાની ભરી હીમાયત તથા ધર્માન્ધતા જોવામાં આવે છે, તેને અહીં વર્ણવા અવકાશ નથી.

જેનું નામ આગાખાની મત પડી ગયું છે. અને તે જેવા સ્વરૂપમાં હમણા રજુ થયો છે, તે પ્રત્યે પરધર્મ તથા ઇસલામના બીજા ફીરકાઓ તરફથી અનેક શંકાઓ કરી ખુલાસા માગવામાં આવે છે અને તે માટે તેમના મુખમાં આંગળીઓ નાંખી નાંખી પુછવામાં આવે છે; પરંતુ તેના અગ્રેસરો તેવી શંકાઓના કાંઇપણ જવાબો ન આપતાં, ઉલટા શંકા કરનારાઓ

પ્રત્યે દ્વેષભાવ રાખે છે અને તેમને રાની ગબેલ્લા, વિરોધી, ધર્મભ્રષ્ટ, દૈત્ય આદિ નામો આપી, પોતાની નબળાઇ જાહેર કરી પોતાનું પૉઝીશન દેખાડે છે. આ ઉપરથી શંકા કરનારાઓના મનનું સમાધાન થતું નથી; બલ્કે તે તે શંકાઓ વધુને વધુ મજબુત થતી જાય છે. આવી સ્થિતિ આ ટોળાંની સામાન્ય રીતે થઇ જવા પામી છે.

પરધર્મ તથા અન્ય ઇસલામી ફીરકાવાળાઓ, જેઓ જેઓ આ મત વિશે શંકાઓ કરે છે, તેમની જે સ્થિતિ થવા પામી છે, તેવીજ બલ્કે તેથી પણ વિશેષ કફોડી સ્થિતિ તે, ટોળાંમાં રહેનારા શંકા કરનારાઓની થવા પામી છે. તેઓ બાપડા જાહેરમાં તો કાંઇ શંકા કરી શકે નહિ; કેમકે કરે તો નાતમાં તથા કુટુમ્બીઓમાં તેની પુરેપુરી બદનક્ષી થાય; તેથી તેઓ માત્ર પોતાના વિચારના જે હોય, તેમની સાથે શંકાઓની વાતો કરી શકે છે; પરંતુ શંકા સમાધાનીનું દ્વાર તો વદન બંધજ કરી નાંખવામાં આવ્યું છે. આવા બંધ બારને લઇ ખોજા કોમમાં જુદા જુદા ફીરકાઓ બંધાયા અને આશરે એક લાખ જેવડી સંખ્યાની કોમ, ત્રણ ભાગે વહેંચાઇ ગઇ. અને સાથેજ નાદાન મિત્રો તથા ધર્માન્ધોના પ્રતાપે, એવીતો કુસંપની હવા પ્રસરી કે, લગભગ ઘરઘર તેનો અસર પહોંચી ગયો,

અહીં પરધર્મથી અમારી મુરાદ સામાન્ય રીતે આર્ય સમા-

જથી છે અને જેઓ સામાન્ય રીતે દરેક ધર્મ તથા તેના આચાર્યોની નિર્દયતાથી છેડછાડ કરે છે; તેઓએજ પ્રથમ પ્રથમ આગાખાની મત વિશે અઘટીત શંકાઓ ઉભી કરવા માંડી. આવી શંકાઓ ઉત્પન્ન કરવાથી, તેમનો હેતુ આગાખાની ફીરકા-વાળાઓને શંકાશીળ કરવાનો, અને તેમ કરી તેમને આર્ય સમાજી બનાવવાનો હતો. આવા સામાન્ય રીતે ઇસલામીઓથી કેળવણીમાં આગળ વધેલા ટોળાંના નિર્દય તથા ઝનુની હુમ-લાઓ હમણાં હમણાં, વરસાદના કીડાઓની જેમ વધી પડયા છે અને તેમના લખાણોમાં આગાખાન મત તથા આગાખાન ઉપર અંગત આક્ષેપો મુકવામાં આવ્યા છે. તેના ખરા ખોટા-પણા ઉપર કાંઇક લોકોનું લક્ષ ખેંચાયું છે; પરંતુ શંકા સમા-ધાનીનું દ્વાર બંધ કરી નાંખવાથી, તેવી શંકાઓ બરાબર હશે, તેમ સામાન્ય અવાજ સંભળાય છે અને તેથી એકંદર રીતે આગાખાની મત, કે જે એક ઇસલામી મત છે, તેની અનહદ અપકીર્તિ થવા પામી છે અને તેના આચાર્ય નામદાર આગા-ખાન ઉપર નિર્દય તથા ઝનુની હુમલાઓની અલગાર લાગી ગઇ છે.

આર્ય સમાજીઓના નિર્દય તથા ઝનુંની હુમલાઓ, જોકે ઠામ ઠામ થવા લાગ્યા છે; પરંતુ નિર્દયતા તથા જનુની પણાથી તદ્દન લતપત થએલો, અને માણસાઇ ધોરણથી તદ્દન વિમુખ થએલો હુમલો, પેશાવરવાળા મી રાધાકૃષ્ણનો છે. મી. રાધા-કૃષ્ણ પ્રથમ આગાખાન મતના હોઇ, આગાખાનના એક મુરીદ

હતા. જે હમણાં કેટલાક વર્ષ થયા આર્ય સમાજી થઇ ગયા છે અને તેમ થયા પછી તેમણે પંજાબના આગાખાનના મુરીદો જે શમ્શી મતના કહેવાય છે અને જે જાહેરમાં હીન્દુ સમાજના ધોરણે હીન્દુ રીતભાતોથી ચાલે છે; તેમને પણ આર્ય સમાજી બનાવી દેવાના કામમાં મી. રાધાકૃષ્ણ તલ્લીન થઇ ગયા છે. અને પોતાની ધુનમાં માણુસાઇને ન છાજે તેવા આગાખાનગત તથા તેમની અંગત જાત ઉપર હુમલા કરી બેઠા છે. આ હુમલાઓમાં, જેજે શકાઓ તથા આક્ષેપો મુકવામાં આવ્યા છે, તેનો કોઇપણ આગાખાની મતનાએ જવાબ આપ્યો નથી: પરંતુ ઉપર જણાવી ગએલા આગાખાની અગ્રેસરોની, જે સ્થિતિ બતાવવામાં આવી છે, તેવી સ્થિતિને લઇ, આગાખાનના કેટલાક મુરીદોના મનમાં તે શંકાઓ તથા આક્ષેપો વિશેનો અસર થઈ જવા પામ્યો છે. અને પરિણામે પંજાબના પાંચસો ઉપરાંતના આગાખાનના શમ્શી મુરીદો આગાખાન મત તજી આર્ય સમાજમાં જઇ મળી ગયા છે. અને આગાખાની જમાતના અગ્રેસરો વિગેરેની પોતાના પક્ષ તથા ધર્મની નાદાની ભરી હીમાયત, તથા ધર્માન્ધતાથી ઉપર જણાવેલું ઇસલામને હાની પહોંચાડનારૂં પરિણામ આવ્યું છે; પરંતુ હજુ પણ તેત્રાઓની કાંઇપણ આંખો ખુલતી નથી. કુંભકરણની જેમ ઉંઘતા પડયા છે અને જેમ જગાડો તેમ તેમ વધુને વધુ ઉંઘતા જાય છે. હાથ પકડી ઝંઝેડીએ તો ગુસ્સે થઇ સામા થાય છે અને [illegible]જ પાછા પોઢી જાય છે. ઘણુંએ જગાડો પણ

અંદાજ નથી. અને ક્યાં સુધી ઉંઘાઇ રહેવાના તેની ખબર પણ નથી

જમાતના અગ્રેસરોની પોતાના પક્ષ તથા મત તરફની નાહકની ભરી હીમાયત તથા ધર્માન્ધતાને લઇ, ઉપરનું ચોંકાવનારૂં નુકસાન થયું છે. આગાખાની મત તથા ખુદ આગાખાન ઉપર નિર્દય તથા નહિ છાજતા આક્ષેપો થયા છે અને થાય છે તથા તેઓની જે સામાન્ય રીતે અપકીર્તિ થાય છે, તે સઘળાનો આરોપ અમો તે જમાતના અગ્રેસરો ઉપર મુકવા સિવાય બીજો માર્ગ જોઇ શકતા નથી. તેઓએજ પોતાના પક્ષ તથા ઇસલામને હાની પહોંચાડી છે અને ભવિષ્યમાં તેમની રીતભાત વિશેષ નુકસાન પહોંચાડે, તો તે કાંઇ નવાઇની વાત નથી.

એક ઇસલામી ધાર્મિક પ્રચાર દ્રષ્ટિથી ઉપરના બનાવથી અમોને ઘણુંજ લાગી આવે છે. પીર શમ્શ જેવા પ્રતાપી પીરે, જે મહાન પ્રયાસો કરી હીન્દુ લોકોને ઇસલામથી મુશર્રફ બનાવ્યા છે, તે આગાખાની જમાતના અગ્રેસરોની આમ નાહકની ભરી હિમાયેત તથા ધર્માન્ધતાથી, આર્ય સમાજી થઇ જાય, એ ખરેખર કમકમાટ ભરી દીલગીરિની વાત છે. અને આવી બાબત નજરો નજર જોવા છતાં, ઇસલામીઓએ તે માટે કાંઇપણ પ્રયાસ ન કરવો, એ લગભગ કુફર છે. એક મુસલમાન માણસ ઇસલામ ધર્મ તજી પરધર્મ અંગીકાર કરે, તે કરતાં સેંકડો મુસલમાનો મૃત્યુ પામે, તે વિશેષ બહેતર છે; કેમકે મૃત્યુ પામનાર સો મુસલમાનોના બાલ બચ્ચાંઓ સઘળાં

મુસલમાન હોતાં, તેની સંખ્યા ભવિષ્યમાં ઘણી વધવાની; પરંતુ જે એક માણસ ઇસલામ ધર્મ તજી પર ધર્મનો થઇ જાય; તેની ઓલાદ હમેશાંને માટે પરધર્મનીજ રહેવાની અને વળી તે મી૦ રાધા કૃષ્ણની જેમ, ઇસલામની વિરોધીજ રહેવાની, અને તેમ થતાં ઇસલામને તેના સો માણસો મૃત્યુ પામવા કરતાં, એક પરધર્મમાં ગએલો વધુ હાની કારક નીવડવાનો.

વળી મી૦ રાધા કૃષ્ણ તથા બીજા આર્ય સમાજીઓ આગાખાન મત તથા ખુદ આગાખાન તથા તેમના મુરીદોને જે વગોવે છે તથા નિર્દયતા ભર્યા આક્ષેપોથી સતાવે છે તે જોઇ; ઇસલામી દૃષ્ટિથી અમોને ઘણો સદમો પહોંચે છે અને તે બાબતનો બચાવ નહિ કરવો એ, સરાસર મહાપાપનું કામ હોય તેવું અમને લાગે છે. અને તેવા પાપથી મુકત થવાનો પ્રયાસ કરવો, એ અમારી પહેલી ફરજ ગણીએ છીએ.

આગાખાન મત, ખુદ આગાખાન તથા તેમના મુરીદો ઉપર અને તેમ થતાં ઇસલામ ઉપર, જે નિર્દય પણે હુમલાઓ કરવામાં આવે છે, તે માટે હુમલા કરનારા સામે ધીણોજને કરવાથી અમારી મુશ્કેલીનો અંત આવશે નહિ. વળી અસભ્ય ભાષામાં થતા હુમલાઓ માટે સરકારનું ધ્યાન ખેંચી, લાગવગ કે સામટા અવાજના બળથી હુમલો કરનારને દાબી દેવા પ્રયાસ કરવાથી પણ અમારો હેતુ પાર પડશે નહિ. તેમજ પોતાના મત તથા પક્ષની નાદાનીયત તથા ધર્માન્ધ પણે હિમા-

1916-04-15 -Khulli Chitthino Jawab (63)

યત્ન કરવાથી પણ કાંઇ લાભ થશે નહિ; બલ્કે તેવી બાબતોથી બીમારીમાં વધુને વધુ ક્રમેરોજ થશે; પરંતુ મત તથા પક્ષ વિશે જે આક્ષેપો મુકવામાં આવે છે તે, વ્યાજબી છે કે ગેર-વાજબી છે, તેનો બુધ્ધિ પુર્વક સત્ય શોધક બની વિચાર કરવાથી, અને જો તે આક્ષેપો સત્ય હોયતો, તેવી હાનીકારક બાબતને તજી આપવાથી, અને જો તે આક્ષેપો જુઠા હોયતો, તેના જુઠાપણાની દલીલોથી આક્ષેપ મુકનાર તથા પોતાની કોમને જાણીતિ કરી દેવાથીજ, આ બીમારી નાબુદ થાય તેમ છે.

સાચને આંચ નથી, તેમ સત્ય ધર્મને આક્ષેપોની ધાસ્તી નથ. ગમે તેટલા આક્ષેપો મુકવામાં આવે; તો પણ સત્ય તે અસત્ય થઇ જતું નથી. તેવીજ રીતે અસત્યની ગમે તેટલી હીમાયત કરવામાં આવે, પણ તે અસત્ય સત્ય ઠરી જતું નથી. માટે જો પોતાનો મત સત્ય હોયતો, તેના માટે આક્ષેપોની ધાસ્તી રાખવી જોઇતી નથી. અને જો આક્ષેપોની ધાસ્તીજ હોયતો ખાત્રી પુર્વકની વાત છે કે, તે મત તદ્દન કાચા તાતણાં જેવો માની લેવો જોઇએ.

એક અંગ્રેજ ઇતિહાસકાર હીન્દુસ્તાનના મુસલમાનોની હલની સ્થિતિના સબંધમાં એમ લખે છે કે—

" હીન્દુસ્તાનના મુસલમાનો, હજરત મહંમદ સ. ની, " હલકી પ્રકૃતીની ઉમ્મતમાંથી છે. અને કુરાનના મ[illegible]ને

" અને હીંદુસ્તાનની મુર્તિ પુજાના સેળભેળથી, તેમનો ધર્મ
" એક વિચિત્ર પ્રકારના મિશ્રણ જેવો થઇ ગયો છે."

ઉપરનો અભિપ્રાય હીંદના સામાન્ય મુસલમાનો માટે આપવામાં આવ્યો છે અને હીંદના મુસલમાનોએ પોતાના સ્થાપિત પવિત્ર ધર્મની અનેક બાબતો તજી આપી, હીંદુઓની અનેક હાનીકારક રસમો ગ્રહણ કરી, તેવા અભિપ્રાય માટેના પોતાને અધિકારી બનાવી લીધા છે; તથાપિ તે ઇતિહાસકારનો તે અભિપ્રાય ખુલ્લી રીતે આગાખાની પારટીવાળા ભાઇઓને આબાદ લાગુ પડે છે; કેમકે તેઓએ પોતાના ઇસલામ ધર્મ સાથે હીંદુ ધર્મની માન્યતાઓ સેળભેળ કરી, પોતાના મતને વિચિત્ર પ્રકારના મિશ્રણ જેવો બનાવી લીધો છે. અને તેમ કરી તેઓજ ઉપરનો અભિપ્રાય અપાવવાના કારણ રૂપ બન્યા હોઇતો કોઇ નવાઇની વાત નથી.

વળી સર સઇયદ એહેમદ ખાન કે. સી. એસ. આઇનો નીચેનો અભિપ્રાય; જો કે હીન્દના સામાન્ય મુસલમાનો માટે ઉચ્ચારાયો છે; પરંતુ તે હાલના આગાખાનીઓ તથા હાલના ઘોટાળે ચડાવી દીધેલા આગાખાની મતને આબાદ લાગુ પડે છે અને જાણે કે, તે ખાસ તેમના માટેજ ઉચ્ચારવામાં આવ્યો હોય તેટલો સજ્જડ બંધ બેસતો લાગે છે. માટે તે અભિપ્રાય અમારે ઠંડે પેટે શાંન્તીથી સાંભળવો જોઇએ. સર સઇયદ કહે છે કેઃ—

1916-04-15 -Khulli Chitthino Jawab (63)

" અમોને બે દીન, બે ઇમાન તથા નાસ્તિક કહેવું કાંઇ
" આશ્ચર્યની વાત નથી, કેમકે અમારી કોમે એક સર્વોપરી
" ખુદા ઉપરાંત પોતાના બાપદાદાના રીત રીવાજો તથા પ્રાચિન
" રૂઢીઓને બીજો ખુદા માની લીધો છે. અને છેવટના પેગં-
" હજરત મોહંમદ સ૦ ઉપરાંત બીજા અનેક પેગંબરો ઉભા
" કરી લીધા છે. કુરાને મજીદ ઉપરાંત મનુષ્યોએ બનાવેલી
" અનેક કીતાબોને કુરાન માની લીધું છે. અમો તે જુદા
" ખુદા, બનાવટી પૈગંબરો અને લેભાગુ કુરાનોને એવીજ રીતે
" બરબાદ કરવાવાળા છીએ, કે જેવી રીતે અમારા વડીલ
" હજરત ઇબ્રાહિમ પૈગંબર પોતાના પિતા આઝરની મુર્તિ-
" ઓને તોડી પાડનાર હતા. અમો મહાન સર્વોપરી ખુદાના
" સર્વોપરી પણાને, સાચા પૈગંબર હજરત મોહંમદ સ૦ ની
" પૈગંબરીને અને સત્ય કીતાબ (કુરાન) ની તાબેદા-
" રીને, જગતમાં સ્થાપિત કરવા માગીએ છીએ. તેની સ્થિતિ
" વચ્ચે, તે લોકો અમોને બેદીન, બેઇમાન અને નાસ્તિક ન કહે
" અને ન સમજે તો શું કહે ! અને શું સમજે ! કેમકે અમો
" તેવા ખુદાઓ, તેવા પૈગંબરો તથા તેવા કુરાનોને નથી
" માનતા "

સર સઇયદ એહમદ તથા ઉપલા અંગ્રેજ ઇતિહાસકારનો અભિપ્રાય પ્રમાણે જો અમારા રોગની દવા શોધવામાં આવે તો, પવિત્ર ઇસલામની પવિત્ર બાબતો સિવાયની, જો[illegible]

અમોએ અમારી ખુશીથી માફ કરી લીધી હોય." અથવા માની લીધી હોય, તેને તજી આપવી જોઇએ. અને પવિત્ર ઇસલામના પવિત્ર ચશ્મામાં, જે કાંઇ કચરો નાખવામાં આવ્યો છે, તે ક્યા-શથી તેને નિરાળો કરવો જોઇએ ઇસલામના ખુદાનેજ ખુદા અને તેની કીતાબનેજ કીતાબ માની, તેના હુકમોનેજ માર્ગ-દર્શક બનાવવો જોઇએ અને રીતરીવાજો તથા સ્વાર્થ બાજીને, જે બીજો ખુદા બનાવી લેવામાં આવ્યો" છે, તેને" તથા બના-વટી પેગંબરો તથા બનાવટી કુરાનોને,: તીલાંજલી આપવી જોઇએ.

આગાખાની મત તે એક ઇસલામી મત છે અને તેથી તે ઇસલામી મત પ્રમાણેનો પવિત્ર હોવો જોઇએ; પરંતુ ફવાદ પાશાના અભિપ્રાય પ્રમાણે તેમાં અનેક રીતો તથા પ્રકૃતિઓ જે હાનીકારક છે તે, તેમાં ઘુસી ગઇ છે અથવા તો ઘુસેડવામાં આવી છે તેને તજી, આપવી જોઇએ.

રૂમના મરહુમ બુદ્ધિશાળી સુલતાન અબ્દુલ અઝીઝખાને આ બાબતની ખાત્રી કરવા માટે કે, ખરેખર ઇસલામ ધર્મ સુધારામાં વિઘ્ન કર્તા છે કે નહિ, ઉલ્મા, વજીરો અને અકલ મંદોની એક કાઉન્સીલ આ સબંધે રિપોર્ટ લખી જણાવવાને મુકરર કીધી. તેનો પ્રેસીડેન્ટ ફવાદ પાશા હતો. તે કાઉન્સીલે જે રીપોર્ટ લખ્યો, તેના બે વાક્યોનો તરજુમો આ છે.

(૧" ઇસલામમાં તે સઘળી સત્ય બાબતો છે, કે જે દુન્યવી

" ઉન્નતિ પ્રાપ્ત કરવા વાળી, માણસાઈ, સુધારો અને ક્યાને
" તેના ઉચ્ચે શીખરે પહોંચાડનારી છે; પરંતુ અમોએ પોતાની
" અનેક રીતો તથા પ્રકૃતિઓને, જે પ્રથમના સમયમાં ઉપ-
" યોગી હતી; પણ ચાલુ સમયમાં અતિ હાની કારક થઇ
" ગઇ છે, તેને તજી આપવી જોઇએ."

જ્યાંસુધી ઉપર, જેજે તજી આપવાની બાબતોની ભલામણ કરવામાં આવી છે, તે તે બાબતો નહિ તજી આપવામાં આવે, ત્યાંસુધી અમારા રોગ કદીપણ નાબુદ થશે નહિ અને આગાખાની મત, ખુદ આગાખાન, તેમના મુરીદો તથા તેને લઇ ઇસલામ ઉપર થતા આક્ષેપો તથા અપકીર્તિનો કોઇપણ રીતે બચાવ થઇ શકશે નહિ. જો આગાખાની મતમાંથી ઇસલામ વિરૂદ્ધની બાબતો તજી આપવામાં આવે તો, તે તેટલોજ પવિત્ર છે કે; જેટલો ફવાદ પાશાએ જણાવ્યો છે. અને અમોએ પીર સદરૂદીન, પીર હસન કબીરદીન, પીર ઇમામુદીન વીગેરે પીરોના ગીનાનોમાં, જે પવિત્ર ઇસલામ વિશે ઉપદેશ કરવામાં આવ્યો તેનો અભ્યાસ કરી જોયો છે, તો તેમાં પણ ફવાદપાશાએ જે ઇસલામ માટે અભિપ્રાય આપ્યો છે, તેવોજ તે વર્ણવ્યો છે. અને તેથી જો ગીનાનોમાં વર્ણવેલા ઇસલામ પ્રમાણે ચાલવામાં આવે તોપણ, અમારા રોગનું નિવારણ થઇ શકે છે; પરંતુ દીલગીરિની વાત છે કે, ઉપર જે સર સઇયદ એહમદખાન કે. સી. એસ. આઇ. નો અભિપ્રાય જણાવવામાં આવ્યો છે. તે-વોજ મત ગીનાનોનો અમારા આગાખાની ભાઇઓ જણાવે

તથા માને છે; જો કે તેમ માનવું કાંઇપણ સત્ય નથી. બલ્કે પીરોના મહાન હેતુને છીન્ન.ભિન્ન કરી નાંખવા જેવું છે.

હાલમાં જેવા રૂપમાં આગાખાની મતને માનવા તથા અમલમાં મુકવામાં આવે છે, તે થતા આક્ષેપોથી પોતાનો બચાવ કરી શકે તેમ નથી અને તે માટેનો નીચેનો અભિપ્રાય આબાદ વહોરી લેવા સામાન જણાય છે.

એક ધર્માન્ધ ખ્રિસ્તી ઇતિહાસકારે, તુરકી એટલે રૂમની મુસાફરી પછી, પોતાની મુસાફરીના વર્ણનમાં એમ લખ્યું છે કે.

" તુરકો જ્યાં સુધી ઇસલામ ધર્મ નહિ તજી આપશે; ત્યાં
" સુધી સુધરી શકશે નહિ: કેમકે ઇસલામ ધર્મ મનુષ્ય સુધા-
" રામાં મજબુત વિન્ધકર્તા છે."

ઉપરનો અભિપ્રાય જો કે સત્ય નથી પરંતુ તેને આગાખાની મત સાથે નીસબત આપી અમો નીચેના ફેરફાર સાથે મળતા થઇએ છીએ.

" આગાખાનીઓ જ્યાં સુધી હાલનો પળાતો તથા મનાતો
" આગાખાની મત નહિ તજી આપશે; ત્યાં સુધી થતા આક્ષે-
" પોથી પોતાનો બચાવ કરી શકશે નહિ; કેમકે તેવો આગા-
" ખાની મત આક્ષેપોના બચાવ માટે મજબુત વિઘ્નકર્તા છે.

અમો આ લંબાણ ભુમિકા, ત્યાં સુધી સમાપ્ત નથી. કરી

શકતા કે, જ્યાં સુધી અમો અમારા આગાખાની ભાઇઓને, તેમને જે રોગ લાગુ પડયો છે, તેની દવા ન બતાવીએ. આ દવા જો કે કડવી છે; પરંતુ તેનું ફળ બહુ મીઠું છે. માટે તેઓ એ કાંઇક પણ મોંહ બગાડયા વિના, તેને પેટમાં ઉતારી જવી જોઇએ. વળી આ દવા કાંઇ અમોએજ ઉપજાવી કાઢી તૈયાર કીધી નથી; પરંતુ ઇસલામી દવાખાનાનોજ તે એક રામબાણ નુસખો છે અને જે નુસખો પીરાના ગીનાનોમાં પણ નકલ કરવામાં આવ્યો છે. તે નુસ્ખો આ છે.

"આગાખાની મત પોતાની ઉતપત્તી સમયે કેવા અકાયદો તથા
" વિચારો સાથે ઉતપન્ન થયો હતો તેનોઃ હાલના અકાયદો
" તથા વિચારો સાથે મુકાબલો કરવો અને હાલના અકાયદો
" તથા વિચારો, જો મુળ આગાખાની મતથી ઉલટા તથા
" વિરૂદ્ધના જણાયતો, તે તજી આપી, પ્રથમના અકાયદો તથા
" વિચારો જે સત્ય તથા ઇસલામ પ્રમાણેના છે, તેને ગૃહણ
" કરવા. ઇસલામ સિવાયના ધર્મની હાનીકારક માન્યતાઓને
" તજી આપવી અને પોતાના દરેક અકાયદો તથા વિચારોને
" ઇસલામના અકાયદો તથા વિચારોને અનુસરતા કરવા. દરેક
" પ્રસંગે સત્ય શોધક બનવું અને ધર્માન્ધતા કે જેને આગા-
" ખાની મત સાથે કે કોઇપણ મત સાથે કાંઇપણ નીસબત
" નથી અને હમણાં જે તેની પાકી સાહેલી થઇ બેઠી છે, તેને
" ખસેડવી. દરેક બાબતમાં સત્યના ઉપાસક રહેવું અને જે કોઇ
" અસત્ય જણાય તેને, સત્વરે તજી આપવું, અને જે સત્ય
" જણાય તે ગ્રહણ કરવું ".

વ્હાલા આગાખાની ભાઇઓ! તમારા મત તથા પક્ષની તમારી જંગલી હિમાયત, કે જે માત્ર ધર્માન્ધતાથી ભરપુર ભરેલી છે; તેના પ્રતાપે આજનો કીયામતે સુગરાનો સમય પ્રાપ્ત થયો છે. અને તેનેજ લઇ; નામદાર આગખાન સાહેબને સખ્ત અપમાન તથા બે ઇજ્જતીના શબ્દો સાંભળવા પડયા છે. અને પડે છે. જે આગાખાન સાહેબને સરકાર તથા પબ્લીક મોટું માન આપે, અને જે એક ગણત્રીના કોમી આગેવાન ગણાય તથા મનાય; તેની આમ ટુકો ખોટી થતી જોઇ, શું તમોને, કાંઇપણ ગેરત તથા શરમ નથી ઉત્પન્ન થતી? અને જો થાય છે તો, શામાટે અમારી વાતને ગ્રહણ કરી, બતાવેલા નુસ્ખાને વાપરતા નથી?

આગાખાની મતની, ખુદ આગાખાનની. તેમના મુરીદોની અને સાથે સાથે ઇસલામની જે અપકીર્તિ તમારા કારણે થાય છે; તેની શું તમોને ખબર નથી? શું ઇરતમબોલના શેખુલ ઇસલામનો ફતવો, જે અંગ્રેજી ઉરદુ, ફારસી તથા ગુજરાતીમાં ઠામ ઠામ હીન્દના સઘળા ભાગોમાં વેહેંચાયો; તેનાથી તમો અજાણ્યા છો? શું આર્ય સમાજના પંડીતો તથા લેખકોના તમારી વિરૂધના ભાષણો તથા લખાણો તમારા સાંભળવા તથા વાંચવામાં નથી આવ્યાં? શું ન્યાયની કોર્ટોમાં, કે જ્યાં તમારા મત વિશેના કેસો ચાલતા હોય છે, ત્યાં પ્રેક્ષકોમાં તમારી થતી હાંસી ભુલી જાઓ છો? શું પેશાવરવાળા આર્ય સમાજી મી. રાધા કૃષ્ણના તમારા ઉપરના નિર્દય હુમલાઓ

તમોએ નથી વાંચ્યા ? આ સઘળું તમો નહિ જાણતા હો, એમ તો અમો માની શકતા નથી; તથાપિ આ બુકમાં મી. શઘા કૃષ્ણ તરફથી છપાએલી " ખુલ્લી ચીઠ્ઠી " ના લખાણનું અમોએ સદાબરૂ ભાષાન્તરે કરી રજુ કર્યું છે અને તે તમારી ગરદન પકડી તમોને બતાવીએ તથા વંચાવીએ છીએ કે, આવા અપમાન તથા અપકીર્તિથી તમો જાણીતા થાઓ અને તેમ થતાં તમોને ગેરત તથા શરમ થાય અને કદાચ તમો તેનાથી મુક્તિ મેળવવાને પ્રયાસ કરો.

તમારી સાથેના અંતસ્ગના સંબંધને લઇ, તમારા પ્રત્યે હમદર્દી કરવાને અમો પોતાને બંધાએલા જોઇએ છીએ. ઇસ-લામ પ્રત્યે જે નિર્લજ હુમલાઓ થાય છે અને તેથી ઇસલામને જે હાની પહોંચે છે, તથા પહોંચી પણ છે અને પહોંચવાની સખ્ત ધાસ્તી પણ છે, તેને લઇ તેનો બચાવ કરવાને પણ અમો એક ઇસ્લામી તરીકે અમો પોતાને બંધાએલા જોઇએ છીએ. અને કોઇ પણ માર્ગ અમો એવો જોઇ શકતા નથી કે, અમો તે બંધનમાંથી મુક્ત થઇ જઇએ અને ખાસ તેવી ફરજને લઇ અમોએ જુદા જુદા અનેક પુસ્તકો છપાવી બહાર પાડયાં છે અને આ પુસ્તક પણ તેવીજ ફરજને વશ થઇ દીલના ખરા ઉભરાથી પવિત્ર આશાને દ્રષ્ટિ મર્યાદામાં રાખી, લખ્યું તથા છપાવ્યું છે.

ભલે તમો અમારા કહેવાથી અમારી સાથે આવી ન મળો પરંતુ જે વાત તમારા લાભની કહીએ, તેને શામાટે ન જાઓ;...

માનો તેની કાંઈ અમોને સમજ આપશો કે? અમો ભલે તમારી દ્રષ્ટિમાં નાદાન રહ્યા; પરંતુ નાદાન માણસ જો ડહાપણની વાત કહે તો, તેનો સ્વીકાર કરી લેવો એ શું શાણાનું લક્ષણ નથી કે? ડાહ્યા માણસો તો મુર્ખ માણસ પાસેથી ડહાપણની વાત મેળવી લે છે. અમારી શીખામણથી તમોને એમતો નહિજ લાગ્યું હોય કે અમો દીવાના થઈ ગયા છીએ; પરંતુ જો અમો તમારી દ્રષ્ટિમાં દીવાના થઈ ગયા હોઈએ; તો યાદ રાખવું જોઈએ કે, આ દીવાનો પોતાના કાર્યમાં હુશીયાર છે અને તમોને તમારા લાભનીજ વાત જણાવે છે. અમારી વાત ભલે તમો આજે નહિ માનો, તો કાલે જરૂર માનવાનાજ. માન્યા સિવાય ઉપાયજ નથી. અને અમો ખુદાતાલાથી આશા રાખીએ છીએ કે, તમો અમારી વાત બહુજ જલદીથી માની જાઓ અને માની પણ જશો. અને ખુદાતાલા તેવો મુબારક દહાડો કોમને મુબારક કરે.

અમો તમો ભાઈઓ પ્રત્યે, કાંઈ નફસાનિયત નથી રાખતા; પણ તમારી દરેક બેહતરીજ ચાહીએ છીએ. અને તે બેહતરી ચાહવામાં અમો એવી હદ સુધી પણ પહોંચી ગયા છીએ કે, અમારામાંના કેટલાક ધર્માન્ધ તથા ટુંક દ્રષ્ટિના લોકો અમોને તમો સાથે મળી ગએલા માને છે; પરંતુ તેમની તેવી વાતોની અમો કાંઈપણ દરકાર કરતા નથી. જો દરકાર છે તો માત્ર એટલીજ છે કે, તમો ભાઈઓ ઉપરના સઘળા આક્ષેપો દૂર

હક્રે થયું જાય, અને દરેક પ્રકારની કીર્તિ તથા ઉન્નતિ તમોને પ્રાપ્ત થાય.

અમો છેવટે આશા રાખીએ છીએ કે, અમારૂં આ ટુંક પણ દીલની ખરી લાગણીથી લખેલું (જો કે અમારા લખાણુ ઉપરના નિર્બળ કાબુને લઇ, જેવું અસર કારક રીતે જણાવવું જોઇએ તેવું જણાવી શક્યા નથી) લખાણ તમો ભાઇઓ ધર્માન્ધતાને તજી બરાબર વાંચશો વિચારશો અને જો તે વ્યાજબી લાગે તો તેનાપર અમલ કરશો અને તેથી ઉલટું કરવું, જો તમોને યોગ્ય લાગે તો, તેના કારણો સહ જણાવશો કે, જેથી તે પ્રત્યે અમો ફરીથી વિચાર કરીએ અને જો અંતે અમારા વિચારો ભુલ ભરેલા સાબીત થાય તો, અમો પણ તમારી સાથેજ સામેલ થઇ જઇએ.

ઇલાહી બહકે રસુલે તહાંમી,
હરએક ફર્દ ઇનસાં કા થા જો કે હામી,
જિસે દુરો નઝદીક થે સબ ગિરામી,
બરાબર થે મક્કીયો ઝંગીયો શામી,
શરીરાંકા સાથ આપને જિસને નબાહા,
બુરોંકા હમેશાં ભલા જિસને ચાહા.

સાર—એ ખુદા ! મદીનાના રસુલ કે જે પ્રત્યેક મનુષ્યના હામી હતા. જેની દ્રષ્ટિમાં નજીકના તથા દુરના સમાન વ્હાલાં

હતાં. જેની દ્રષ્ટિમાં અરબસ્તાન, મક્કા, તથા શામ આદિના લોકો એક સરખા હતા. ખ્રિસ્તીઓની સાથે જેણે વસવાટમાં રહી સુરાની હમેશાં ભલાઈજ ચાહી.

ફુરેશ ઉસકા ઔર ઉસકી ઇતરતકા યા રબ,
પકડ જલ્દ હાથ ઉસકી ઉમ્મતકા યા રબ,
એકઅબ્રઉસપેભેજ અપનીરેહમતકા યા રબ,
ગુબાર ઉસસે જો ધોયે ઝિલ્લતકા યા રબ,
કે મિલ્લતકો હય નંગ હસ્તીસે ઉનકી,
હુવા પસ્ત ઇસલામ પસ્તીસે ઉનકી.

સાર—તેના તથા તેની આલના પ્રતાપે તેની ઉમ્મતનો હાથ જલદીથી પકડ. પોતાની કૃપાનું એક વાદળ તેમનાપર મોકલ; કે જેથી તેમની પડતીનો કચરો ધોવાઇ જાય. કેમકે તેમની હસ્તી કોમ માટે શરમરૂપ અને ઇસલામ માટે પડતી રૂપ થઇ પડી છે.

ઉનહેં કલકી ફિક્ર આજ કરની સિખા દે,
જરા ઉનકી આંખુંસે પરદા ઉઠાદે,
કમીંગાહે બાઝીચે દોરાં દિખાદે,
જો હોના હય કલ આજ ઉનકો સુઝાદે,
છતે પાટસેં લાકે બારાંસે પેહલે,
સફીના બના રખ્ખેં તુફાં સે પેહલે.

સાર—તેમને આવતી કાલની ચીન્તા આજે કરવાનું શીખવાડી આપ. જરા તેમની આંખો સામેના પરદાને ખસેડી નાંખ. જમાનાનાં રંગઢંગ તેમને દેખાડી આપ. કાલે જે કાંઇ થવાનું છે તે આજેજ તેમને સુઝાડી આપ. કે જેથી તેઓ વરસાદ પહેલાં છતોને છાબું દઇ દે અને તોફાન પુર્વે નાવ બનાવી રાખે.

બચા ઉનકો ઉસ તંગનાયે બલાસે,
કે રસ્તાહો ગુમ રાહરવો રાહનુમાસે,
ન ઉમ્મીદે યારી હો યાર આશનાસે,
ન ચશ્મે ઇઆનત હો દસ્તો અસાસે,
અપોરાસ છાઇ હુઇ ગુલશનતેં હોં,
દિલોંમે ઉમીદોં કી ના હસરતેં હોં,

સાર—તેમને એ સાંકડા માર્ગથી બચાવ કે, જેનો કીનારો કેડા તથા રાહનુંમાંથી ગુમ થઇ ગયો છે. જ્યાં મિત્ર કે સ્નેહીની જરા પણ આશા રખાતી નથી. લાકડી કે હાથની મદદ જ્યાં છેજ નહિ, ડાબી જમણી બાજુ ઘોર અંધારૂં થઇ રહ્યું છે. અંતઃકરણમાં આશાને બદલે નિરાશાઓ ભરેલી છે.

તમારો સાચો શુભેચ્છક

મોહનલાલજી ધનજી ડાબા.

ખુલ્લી ચીઠ્ઠીનું ભાષાન્તર.

"મારો હેતુ"

" મનુષ્યને ઇશ્વર માની તેની બંદગી કરવાનો રોગ જગતમાં સૌથી વિશેષ ધાસ્તી ભર્યો અને નાપાક છે. આ ધાસ્તી ભર્યા રોગને જડમુળથી ઉખેડી નાખવા માટે ભુતકાળના સમયમાં માત્ર સખ્ત ખુનામરકીઓજ નથી થઇ, બલ્કે જગતના લોકોને વારંવાર દુખદાયક સ્થિતિનો મુકાબલો કરવો પડયો છે. અને એટલી તો ખુના મરકી થવા પામી કે, જેનો વિચાર કરવાથી શરીરના રૂવાડાં ખડાં થઇ જાય છે. આજકાલ ઇશ્વર કૃપાથી બ્રીટીશ સરકારના ઉમદા બંદોબસ્તથી દરેક પ્રકારની સુખ શાંન્તી છે. તેટલા માટે આવા સમયમાં મનુષ્યને ઇશ્વર માની તેની બંદગી કરવાનો ધાસ્તી ભર્યો તથા નાપાક રીવાજ, નાબુદ કરવાને માટે, જે કાંઇ હીમ્મત તથા પ્રયાસ કરવામાં આવે, તે મુનાસબ તથા જરૂરનો છે અને તે પ્રત્યેક ખુદાના બંદાની ફરજ છે."

" તેટલા માટે જે થોડી લીટિઓ વાચકો સન્મુખ રજુ કરું છું, તે લખવાનો મારો હેતુ એજ છે કે, મનુષ્યોમાંથી ખુદાઇ દાવો, અને ખુદાઇ દાવાથી તેઓ ગરીબ, ભોળા તથા નિરાધાર લોકો પાસેથી અનેક યુકિતઓ તથા દગાબાજીઓ કરી, ગેરવાજબી રીતે નાણું મેળવે છે, તેઓ [illegible]

સ્વાર્થી ટેવને છોડાવી, તેમને પોતાના મનુષ્ય પોઝીશનમાં લાવવામાં આવે અને ધર્મ તથા ઇમાન પ્રમાણે આમની જીંદગી ગાળવાનો શોખ તેમને આપવામાં આવે."

"વળી તે અજ્ઞાન તથા ભોળા લોકોને, કે જેઓ પોતાના જેવા એક નિર્બળ મનુષ્યને ઇશ્વર માની તેની બંદગી કરવા સાથે, ખરા ખુદાથી ગુમરાહ તથા બાગી થઇ બેઠા છે, તેમને દેખાડવા તથા સમજાવવામાં આવે કે, મનુષ્યને ખુદા માની તેની પુજા કરવી, માટી, કાગળ તથા મુર્તિ વીગેરેની પુજા કરવી, એ ઘણોજ વિનાશ કરનારો ગુનાહ છે તેના ધાસ્તી ભર્યા આકાંચતથી તે લોકોએ પોતે બચવા સાથે, પોતાની ભવિષ્યની નિર્દોષ ઓલાદને પણ બચાવી લેવી જોઇએ. અને તવહીદ પરસ્ત થઇ જન્નત, ઇશ્વર તથા તેના બંદાઓની ખુશનુદી હાસલ કરે."

"બસ એજ મારો હેતુ છે. આ હેતુને દ્રષ્ટિ મર્યાદામાં રાખી, મેં આ કાર્યને હાથ ધર્યું છે. અને આ થોડીક લીટિઓ લખી છે. મને આશા છે કે, સઘળા ખુદા પરસ્ત લોકો ભલે પછી તે હીન્દુ હોય કે મુસલમાન, મારા આ કાર્યમાં મારી સહાયતા કરી, મારી સાથે જોડાઇ ઇન્સાન પરસ્તી કરવા કરાવવા વાળાના ઉભરાને જડમુળથી ઉખેડી નાબુદ કરી નાખશે."

હિના

૧ સર આગાખાન ! મને આપનો પ્રથમનો મુરીદ હોવાની વાતને લઈ, એ હક પ્રાપ્ત છે કે, આપના લક્ષ મુબારકને પોતાના કેટલાક વિચારો તરફ રજુ કરૂં.

૨ શુકર છે કે, આપ એક માતબર તથા કીર્તિવંત હોઇ, જગતમાં સામાન્ય રીતે, મનુષ્ય માત્રના મુખપર ચડેલા છો; જેકે યુરોપના કેટલાંક વર્તમાન પત્રો આપને અફગાનીસ્તાનના રાજા બનાવવાની સીફારસો કરેછે; જો કે તે લોકો આપના પુસ્તકોના શિક્ષણ પ્રમાણે આપને આપની અસલી હાલતમાં નહિ જાણતા હોઇ, (કે આપ પોતેજ ખુદા હોઇ દીન દુનિયા તથા સ્વર્ગના ધણી છો) આપનું અપમાન કરી રહ્યા છે. યુનાનના રાજાને બદલે તેમણે એમ લખવું જોઈતું હતું કે, આપને યુનાનના ખુદા બનાવવામાં આવે. તોપણ કાંઇક બંધ બેસતું ગણાતે. તે વર્તમાન પત્રોના અજાણ પણાની એક એવી દલીલ છે કે, જાણે કે કોઇ અજાણ્યો માણસ હીન્દના વૉઇસરાય માટે એવી સીફારસ કરી બેસે કે, તેમને કોહાટ જીલ્લાના ડેપ્યુટી કમીશનરના હોદ્દાપર નીમવામાં આવે. ઠીક એતો એક આક્ષેપનો ફકરો હતો. આવા માતબર માણસોને પોતાની પબ્લીક જુમેદારીઓનો કાંઇક ખાસ ખ્યાલ રાખવો પડે છે. આશા છે કે આપ પોતાની પબ્લીક જુમેદારીઓનો ખ્યાલ રાખતાજ હશો.

૩ આગા સાહેબ ! આપના પુસ્તકોમાં જોવામાં આવેલી ઘણી

બાબતો મારા ઠીલમાં છે કે, જે તરફ આપનું લક્ષ ખેંચાવવા માગુ છું; પરંતુ અહીં લંબાણ લેખ થઇ જવાની ધાસ્તીને લઇ માત્ર એક બે અગત્યની બાબતો તરફ આપનું લક્ષ દોરવા માગું છું.

૪ આગા સાહેબ ! પંજાબમાં આપના મુરીદો, જે સોની, કંસારા, કુંભાર, ડોલી ઉપાડનારા વીગેરે હીન્દુ અને મજુર વર્ગના લોકો છે. અને લગભગ સઘળા તદ્દન અભણ અને ઘણાજ ભોળા છે. તેમજ આપના રચેલાં પુસ્તકો વિના તેમણે બીજુ કાંઇ સાંભળ્યું, જોયું કે વાંચ્યું નથી; કેમકે તેમને કોઇ-પણ પરાયો ધર્મ, વિદ્યા કે શાસ્ત્ર શીખવાની પરવાનગીજ નથી; એટલે કે આપના પુસ્તકોના શિક્ષણે તેમને સુધારા તથા સભ્યતાથી ભીલડાવી અને તે પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવી આપેલ છે.

૫ આગા સાહેબ ! આપના આ મુરીદો અજ્ઞાન તથા બેવકુફને લઇ, ઘણાજ પ્રમાણીક અને ભાવિક છે. અને આપના પુસ્તકોના ઉપદેશને લઇ આપનેજ ખુદા અને આપનેજ પેગમ્બર માની બંદગી કરે છે. અને ઇચ્છા તથા ખુશીથી આપના સખત તથા ઉપડી ન શકે તેવા કરો, જે તેમનાપર અદા કરવાનું આપે ફરજીઆત કરેલ છે તે, લાંબો વખત થયા હજુ સુધી આપ્યા કરેછે. લગભગ દસ બાર વર્ષની, મુદત થવા આવી કે, આપ પેશાવર પધાર્યા હતા. અને પંજાબના

મુરીદોમાંથી હજારો રૂપીઆ રોકડા અને ભેટ સોગાદો તે બાપ-દાદાઓ પાસેથી લઇ ચાલ્યા ગયા હતા. આપતો લઇ સીધાવી ગયા; પણ અમો તથા તેમને માલુમ છે કે, તેઓ ઘણી મુદત સુધી કરજ વીગેરેથી મુક્ત નહિ થઇ શકયા હતા; કેમકે કેટલાક કુટુમ્બોને બીજાં ખરચો ઉપરાંત માત્ર આપના કરો ચુકવવામાં પાંચ પાંચસો રૂપીઆ સુધી આપને નજરાણું કરવા પડયા હતા.

૬ આગા સાહેબ ! ઇ. સ. ૧૯૧૧ ની સાલમાં આપે પ્રથમ પોતાના મુરીદોને લાહોર અને મુલતાનમાં તેડાવ્યા હતા. અને તે ભોળા લોકો લગભગ સઘળા પોતાના બાલબચ્ચાંઓ સહિત પ્રથમ લાહોર અને પછી મુલતાનમાં પહોંચ્યા હતા હવે આપજ ઇનસાફ તથા અંદાજ ફરમાવો કે, સરહદ તથા પંજાબ ઇલાકાના બીજા ભાગોના લોકોને, કેટલું બધું ખર્ચ રેલવે વીગેરે, ખાવા પીવા તથા જણસોના વેચાણ લેવામાં થયું હશે. તે ઉપરાંત આપે તેમની પાસેથી નીચે પ્રમાણેની મઝહબી રસમો + મોટું કામ

+ આ એક રસમ છે જેના રૂા. ૭૫—૦—૦ આગાખાન (બલ્કે હવેતો સાંભળ્યું છે કે, આ રસમની ફી વધારી રૂા. ૧૨૦—૦—૦ કરવામાં આવી છે) લઇ એક જુદી કોટડીમાં એકાંતમાં મુકિતનું મંત્ર શીખવાડે છે. અને તાકીદ કરે છે કે, હરગીજ કોઇને કહીશ નહિ. તેમ શીખવાડીશ નહિ; નહિતર તેનો લાભ તથા શકિત ઉડી જશે. ચુનાંચે બાપ દીકરાને પણ નથી બતાવતો; પરંતુ એક આગાખાનીએ, કે જે આગાખાની જાળથી મુકત થઇ ગયો છે અને જેણે એ રસમ અદા કીધી હતી, તેણે પબ્લીકને જણાવી આપ્યું અને તે " અલ્લાહુ " હુ

રૂા. ૭૫-૦-૦, + નાનો કાંગવોના રૂા. ૭-૦-૦, § દરેક બોસીના રૂા. ૫-૦-૦, § છાંટાના રૂા. ૫-૦-૦, ÷ કંગનાના

+ આ પણ એક રસમ છે. ઇલાયચી, સોપારી, બદામ વગેરે ચાલ્ને એક થાળીમાં ભરી આગાખાનની રૂબરૂ જ્યારે તે દરબાર ભરે છે ત્યારે રાખવામાં આવે છે. આ સુકા મેવા ને મુરીદ આગાખાનના હાથમાં બે ત્રણ વખત એક બીજાનન હાથમાં નાંખી કોયા બંધ કરે છે, એટલે રસમ પુરી થઇ ગણાય છે.

§ મુરીદ માત્ર આગાખાનના હાથ સાથે પોતાનો હાથ મેળવે છે.

§ પાણીના એક ગલાસ કે પીયાલામાંથી આગાખાન પોતાના હાથવતી એક બે છાંટા મુરીદના મુખપર નાખે છે. તેનો મતલબ એવો છે કે, તે તારીખથી પ્રથમના તેના સઘળાં પાપો માફ થઇ ગયાં.

÷ આગાખાન પોતે પાણીમાં આંગળી બોળી મુરીદના હાથના કાંડાંપર અડકાડે છે તેની મતલબ એ છે કે, કીયામ-તને દહાડે જ્યારે સઘળા મડદાંઓ, જીવતાં થશે ત્યારે જે જે લોકોએ કંગનો બંધાવ્યો હશે, તેના હાથમાં સોનાનું કડું હશે અને તે કડાંથી તે ઓળખાશે; કે તે આગાખાનનો મુરીદ છે. જાણે કે આ આગાખાન ખુદાના મુરીદોનો ડ્રેસ અથવા નીશાની છે.

રૂા. ૫-૦-૦, વળી ÷ ફૂળ, × ધુવા, × નાંદી,* વીગેરેના હજારોના હજારો રૂપીઆ મેળવ્યા. શું આપ નથી જાં-

---

÷-× જે લોકોએ પોતાના મુડદાંઓની પછવાડે ખાણું વીગેરે પહોંચાડવું હોય, આ તે ફી ચુકવી આપે તો, મડદાંની પાછળ પહોંચી જાય છે.

× જ્યાં જ્યાં આગાખાની મુરીદો વસે છે ત્યાં ત્યાં ઇબાદતખાના બનાવવામાં આવે છે. દરરોજ સાંજરે અને ખાસ કરીને તેહવારોને દહાડે, સારી સારી વાનીઆ ઘરમાં રાંધી અને બીજી અનેક પ્રકારની ખાવા તથા પહેરવાની ઉમદા જણસો લાવી, ઇબાદતખાનામાં એકઠી કરવામાં આવે છે. કેટલાક લોકો પોતાના મૃત્યુ પામેલા વડીલોને તે મોકલાવે છે અને કેટલીક ઉમદા ઉમદા જણસો આગાખાનના નામની જુદી કરવામાં આવે છે આગાખાનના નામની જણસો કોઇપણ મફત ખાઇ શકતો નથી. તેટલા માટે તેનું લીલાઉં કરવામાં આવે છે. આગાખાનના નામની જણસોને લીલાઉંમાં લેવું મોટો સવાબ મનાય છે. તેટલા માટે ઘણે ભાગે એક આનાની જણસની કીમત સો સો રૂપીઆ સુધી પહોંચી જાય છે. આગાખાનના નામની જણસો ઘણે ભાગે હું વધારે વેચાતે લેતો હતો. સૌથી પહેલાં અને વધુ કીમત ઉપર તેના ઉપજતા નાણાં આગાખાની તીજોરીમાં તેના એજન્ટો એકઠાં કરેછે. તેના એજન્ટો દરેક જમાતે તેના નાણાંનું રક્ષણ કરવાને માટે નીમવામાં આવેલા છે.

જાણતા કે, આપના એ સઘળા મુરીદો હલકા પ્રકારના મજુર વર્ગના લોકો છે તેમના હાથોમાં કાંઇ કોઇ ટંકશાળ કે સોનાની ખાંણુતો નથીજ. તે મઝહબી રસમો અદા કરવામાં કેટલાકના ઘરેણાં અને કેટલાકનાં ઘરો પણ ગીરો તથા વેચાણ વીગેરે થયાં; બલ્કે એ કરતાં પણ કેટલાક માણસોને વિશેષ દુખો ભોગવવાં પડયાં છે. જેને અહીં વર્ણવી આપતાં મને શરમ થાય છે.

૭ આગા સાહેબ ! આ ઘણીજ મુશકેલ તથા વિચારવા જેવી બાબત છે કે, આપના મઝહબી લાગાથી કોઇને પણ અળગા રહેવાનું ફરમાવવામાં આવ્યું નથી. તેમ કોઇને માટે તેની વયના પ્રમાણથાં કમી જાસ્તી કરવાનું પણ ફરમાન નથી; બલ્કે સઘળા માટે મઝહબી લાગાઓ એક સરખાજ ઠરાવ્યા છે. અનાથ, બાળકો તથા વિધવાઓપર જે લાગાઓ છે તેજ તવંગરો ઉપર પણ છે. થોડા દહાડાના બાળક ઉપર જે લાગાઓ છે, તેજ મોટી વયના માણસ માટે પણ છે; જો કે રેલવેમાં પણ ગરીબ તથા તવંગરો માટે જુદા જુદા કલાસો રાખવામાં આવેલા છે. ત્રણ કરતાં ઓછી વયના બાળકની ટીકીટ માફ છે. વળી સૌ કરતાં વધુ મુશકેલ એ છે કે, ઘણી રસમોના લાગાઓ દરરોજ દરેકને અદા કરવા પડે છે. જેથી ગરીબ તથા લાજ આબરૂ વાળા માણસોની સ્થિતિ દીન પ્રતિદીન ખરાબ થતી જાય છે. જો કોઇ માણસ લાચારી તથા તંગીના કારણે પુરો લાગો ન ભરી શકે અથવા દસોંદ વીગેરે

આપવામાં કમી જાસ્તી કરે તો, આપે નીમેલા એજન્ટો તેમને તાણું મારી તથા હેરાન કરી અને બે કામાનીનું ટાઇટલ પણ આપી દે છે.

૮ આગાં સાહેબ! હવે આપ પોતેજ ઇનસાફ કરી ફેસલો આપો કે, આપ જેવા હીન્દુસ્તાનના માતબર, તવંગર, કીર્તિવંત પ્રથમ પંકતીના લીડર અને વળી વડી સરકારના કેટલાક ઉંચા ખેતાબો ધરાવનાર હોઇ, શું આપને આ ઘટારત છે કે આપ પોતાના અજ્ઞાન અને ભોળા મુરીદો આગળ પોતે પોતાને ખુદા તથા પેગંબર જણાવી, તેમની અજ્ઞાનતા અને ભોળપણનો લાભ લઇ, એક પ્રકારનો વિશ્વાસઘાત કરી હજારો તથા લાખો રૂપીઆ દગલબાજીથી વસુલ કરો; જો કે આપ પોતે જાણો છો કે ન તો આપ ખુદા અને ન તો પેગંબર હો; બલ્કે સામાન્ય મનુષ્યો જેવા એક મનુષ્ય છો.

૯ આગા સાહેબ! આપના પ્રકાશીત નામ ઉપર, નહિ ભુસાઇ શકે તેવો એ કરતાં કયો વિશેષ કાળો ડાઘ સ્થાપિત, થઇ શકે છે અને વળી એ કરતાં વિશેષ કોઇ નિર્દયતા અને દગલબાજી હોય શકે છે કે, જ્યાં આપ મનુષ્ય તથા ખુદાના બંદા થઇ, માત્ર ભોળા લોકો પાસેથી ગેરવાજબી રીતે નાણું મેળવવા માટે પોતાને ખુદા તથા પેગંબર જણાવી, એ લોકો પાસે પોતાની બંદગી કરાવો છો! અને તે સાથે તેમને એવી લાલચ આપો છો કે, આપ તુરતમાં લગભગ થોડી મુદ્દતની અંદર

પોતાના વડા લશ્કર સાથે ચડાઇ કરી, મુસલમાનોમાંથી કાફરોને, જે દીલ્લીમાં હશે તેમને, મારી દુનિયામાંથી નીસ્તો નાબુદ કરી, પોતાના મુરીદોને સવા લાખ વર્ષ માટે જગતનું રાજ્ય એનાયત કરશો. અને જ્યારે આપના મુરીદો સવા લાખ વર્ષ રાજ્ય કરી લેશે, ત્યારે આપ તેમને કાયમને માટે સ્વર્ગ ફોજો, ખજાના, હુરો, ગીલમાન વીગેરે આપશો. અને આગાખાની મત સિવાયના લોકોને દોજખમાં નાંખશો. જુઓ દસ અવતારના પુસ્તકનું નવમું તથા દસમું પ્રકરણ, જન્નત પુરીનું પુસ્તક, સો ગીનાનની ચોપડી ભા. ૨ જો વીગેરે.

૧૦ આગા સાહેબ ! ખુદાને વાસ્તે ઇનસાફને હાથમાં લઇ, પોતાના પ્રખ્યાત તથા માન મરતબાને જોઇ, અને વડી સરકારની મહેરબાની અને તેના એનાયત થયેલા ખેતાબોની શાન તથા ઇજ્જતને સામે રાખી, ખુદાનો ખોફ ખાઇ ખરેખરૂં જણાવી આપો કે, શું આપ ખુદા તથા પૈગંબર છો ? કયાં છે આપની અગણીત ફોજ ? અને આપ કયારે ચડાઇ કરી કાફરોને મારી પોતાના મુરીદોને જગતનું સવાલાખ વર્ષનું રાજ્ય આપશો ? અને તેની મુદત માટે જે આપના પુસ્તકોમાં બબે ચાર ચાર દહાડા લખેલા છે, તે કયારે પુરા થશે. કયાં છે આપની જન્નત ? કયાં છે આપની પાસે દરેક મુરીદ માટે (જે આપના પુસ્તકો પ્રમાણે કેટલાક પદમ છે) ખજાના, ફોજ, સીતેર અપસરાઓ, પાનસો છોકરાઓ (ગીલમાન), અને તેહનાત માટે પાનસો ફરીસ્તાઓ, વીગેરે ?

૧૧ આગા સાહેબ ! મેં આપના દસ અવતારના પુસ્તક-
માંથી આપના દસમા અવતાર અને આપની સઘળી ફોજો અને
તેમના હથીયારો અને લડાઇઓના હેવાલો અને પોતાના મુરી-
દોને બાદશાહી અર્પણ કરવાની કહાણીઓ અને જન્નતપુરીના
પુસ્તકમાંથી આપના સ્વર્ગના દેખાવે, ખજાના તથા ફોજોની
શાનો શોકત, હુરોની ખુબસુરતી અને તેમની નાજુકાઇના
વર્ણનો તરજુમો કીધાં છે. જે આજકાલમાં છપાઇ બહાર પડ-
નાર છે. તેમાં કાંઇપણ શક નથી કે, તે છપાઇ જતાં સુધીમાં
અથવા તે પહેલાં આપ પોતાના પુસ્તકોને રદ કરી જણાવી
આપશો કે, વેદ અને કુરાન સારા બોલ અને હુકમો છે. જે
કે હદ ઉપરાંતના ભોળા લોકો તો તેમ થતાં પણ, આપની
હીકમતને નહિ સમજી શકશે, તોપણ ઘણા લોકો તો સમજીજ
જશે કે, તેમનો ખુદા સરકાર તથા પબ્લીકથી ડરી જઇ પોતાની
કીતાબોને રદ બાતલ કરે છે.

૧૨ આગા સાહેબ ! જે આપ ખુદા તથા પેગંબર હો.
આપની પાસે દરેક મુરીદ માટે ખજાના, સીતેર સીતેર હુરો અને
પાંચ પાંચસો છોકરા અને તેવીજ રીતે ફરીશ્તાઓ વગેરે
આપવાને હોય; તોપછી આપે શામાટે કુંભાર, સોની, કસારા,
ડાળીવાળા વીગેરે ગરીબ મજુર વર્ગના લોકોના ખુદા બની,
પોતાની ખુદાઇને શરમાવી અને ડાઘ લગાડયો છે ? અને
અક્કલમંદ, સુધરેલા, તવંગર તથા કેળવણી પામેલા લોકોથી
પોતાની ખુદાઇને છુપાવી છે. ?

૧૩ આગા સાહેબ ! આપના ઘણા મુરીદો જેમને લગ્નો પ્રાપ્ત થયાં નથી. અને તે માટે નિરાધાર સ્થિતિને આધિન થઇ, મોટા મોટા શરમ ભરેલાં કાર્યો (જેને અહીં વર્ણન કરવાની સારી રીતભાત પરવાનગી આપતી નથી) કરી, ખાનદાન, કોમ તથા આપના મઝહબને બદનામ તથા ઝલીલ કરે છે. તો પછી શામાટે આપ કૃપા કરી હમણાંજ, તે સીત્તેર હુરોમાંથી જે સ્વર્ગમાં તેમને આપવાની છે, તેમાંથી એક એક બબે આપી નથી દેતા કે જેથી તેઓ ખરાબી તથા બદનામીઓથી બચી ખાનદાન, કોમ, ધર્મ તથા આપને માટે બદનામી તથા અપકીર્તિનું કારણ ન થાય. !

૧૪ આગા સાહેબ ! એ કેવા પ્રકારની અકલમંદી છે કે, એક પીતા કે, જેની પાસે તેના પુત્ર માટે જુદા રાખેલા પચાસ હજાર રૂપીઆ મોજુદ હોય; પરંતુ બાપડો તે પુત્ર એક એક પૈસા માટે મોહતાજ તથા ભુખથી કાયર થઇ જીવતરથી કંટાળી ગયો છે. અને તંગીને લઇ ફરજીઆત લાચાર થઇ, તે એવાં એવાં કાર્યો કરે છે કે, જેથી તે જેલખાનામાં જવાનો હકદાર થયો છે. પીતા જો કોઇ કારણને લઇ સઘળું નહિ તો, થોડું પણ ખાવા પીવાને માટે અને ગુનાહોથી બચવા માટે કાંઇપણ દેતો નથી; તો તેથી સાબીત થશે કે, તે પીતા જુઠો છે. અને તેની પાસે કાંઇપણ નથી; પરંતુ જો પીતા ખરો હોય અને તે પોતાના પુત્રને તેવી સ્થિતિમાં જોવા છતાં પણ કાંઇપણ દેતો નથી, તો તે પીતા જાલીમ છે; જ્યારે કે પુત્ર પાસેથી

સાંજના વખતે તેની કમાણીનો મોટો ભાગ પોતાના ખજનામાં દાખલ કરી લે છે.

૧૫ આગા સાહેબ! હું આપ તથા બીજા માતબર, ન્યાયી તથા ઇમાનદાર મુસલમાન સાહેબો આગળ કુરાન શરીફની રૂએ, દર્યાફ્ત કરવા માગું છું કે, ખુદાના એવા અજ્ઞાન અને ભોળા બંદાઓ પાસેથી એવી નિર્દયતા તથા દગલબાજીથી લેવામાં આવેલા રૂપીઆ, શું કોઈપણ કારેખેરની બહેતરી તથા ભલાઇનાં વાપરી શકાય છે! શું તેવી નિર્દયતા અને દગલબાજીથી મેળવેલા નાણાં કૉલેજ તથા યુનીવર્સિટિના મુળીયાંને મજબુત કરી વધારશે? શું એવા મજુર વર્ગ તથા ગરીબ લાચારોના લોહિથી પાલણ પોશણ પામેલા બાળકો, કદીપણ જગતમાં ભલાઇ, સત્યતા તથા ઇમાનદારી ફેલાવશે? અથવા તો વધારશે? શું એવા નાણાંથી ભરણ પોશણ પામેલા લોકો આત્મિક ઉન્નતિ, સત્યતા, દયા, ખુદાનો ખોફ, ન્યાય વીગેરે નેક લક્ષણોને પોતામાં ટકાવી રાખી શકે છે? મારા વિચાર પ્રમાણે તો આપ લોકો મારા મતને મળતા થશો; કેમકે છોડવાને પાણીજ લીલું રાખી શકે છે. પાણીને બદલે કાંઇ કોયલાના અંગારા તેને લીલો રાખી શકતા નથી. ભાઇઓ, એ સખ્ત બેઇનસાફી છે કે, ખુદાના ગરીબ, લાચાર તથા ભોળા બંદાઓની પસીનાની કમાણીના નાણાં તો, બીજાઓના બાળકોની કેળવણી, નીતિરીતિ તથા લાભમાં રાત્રી દિવસ ખર્ચવામાં આવે અને ખુલ્લા દીલથી જગતના બીજા લોકો કરતાં

આગળ વધી વધીને પોતેતો એશ અશરત ઉડાવે; પરંતુ બાપડા ભોળા અને વિશ્વાસ રાખનારા મુરીદોને મરણ પામેલા જેવાજ રહેવાનો ઉપદેશ આપવામાં આવે અને તેમના બાળકોને અજ્ઞાનતાના કુવામાં રાખી વિદ્યાના પ્રકાશથી છેટે, અને અજ્ઞાનતા તથા અંધારના ખાડામાં, માત્ર એટલા માટે રાખવામાં આવે કે, અજ્ઞાનતાની સ્થિતિમાં તેઓ પોતાની ખુદાઇ તથા પેગંબરીના માનનારા અને તેમની બાદશાહી તથા સ્વર્ગના ચાહક તથા તલબગાર રહી, પોતાની કમાણીના નાણાને લુટાવશે. અને જો કેળવણી પામેલા થશે તો, પોતાના નાણાં તથા ધર્મનું રક્ષણ કરશે. અરે સ્વાર્થ ! તારૂં સત્યાનાશ જાવ.

૧૬ આગા સાહેબ ! ખુદા વાસ્તે આ તિરસ્કારને પાત્ર સ્વાર્થબાજીથી પોતાના પ્રાણને બચાવો; કેમકે જ્યાં તે શેતાની બસલત હોય છે ત્યાં, ધર્મ, ઇમાન, નેકનીય્યત, સત્ય, ન્યાય, આબરૂ અને ખુદાનો ખોફ વગેરે નથી રહેતો.

૧૭ આપે પંજાબના સઘળા હીન્દુ મુરીદોને તા. ૨૦ જાન્યુઆરી સને ૧૯૧૪ ને દહાડે માત્ર એટલા માટેજ પોતાની હજુરમાં તેડાવ્યા હતા કે, તેવા અજ્ઞાન, ભોળા તથા ભાવીક હીન્દુ મુરીદોને, શીઆ ઇમામી ઇસમાઇલી આગાખાની મુસલમાન બનાવવામાં આવે.

૧૮ આગા સાહેબ ! જેઓ આપનાપર વિશ્વાસ રાખે છે.

તે તદ્દન અભણ, ભોળા અને જગતની સ્થિતિથી અજાણ્યા છે તેમાંતો કાંઇ શક નથી. આપના પુસ્તકોએ તેમને ચામાં ચીડીયાની જેમ પ્રકાશ, સત્યતા, હીંદુઓ તથા હીંદુ મહા પુરૂષોથી બીહવડાવી અભાવ ઉત્પન્ન કરાવી આપ્યો છે. અને એ પણ ઠીક છે કે આપે તેમને બાદશાહી, સ્વર્ગ તથા હુરો મળવાના ચકમાઓ આપી, પોતાની ગુલામીની સાંકળમાં સખ્ત રીતે જકડી લીધા છે. અને એપણ બનવા જોગ છે કે; આપના કેટલાક ટુંક દ્રષ્ટિવાળા તથા સ્વાર્થી મુરીદો કે, જેમને આપના ખજનામાંથી ભાગ મળે અથવા લાભ પહોંચે છે; તેઓએ હમણાં આપની ખુદાઇ આગળ ગરદન નમાવી દઇ, શીઆ ઇમામી ઇસમાઇલી મુસલમાન થઇ, પોતાના વડીલોના નીશાન તથા ખાનદાનને ખોઇ નાખેલ છે. અને આપ પોતાના વડીલોથી ચાલી આવતા મીશનમાં અને મુસલમાન ભાઇઓ આગળ આપેલ, જે કબુલાત આપી હતી (પોતાના હીન્દુ મુરીદોને મુસલમાન બનાવી દઇશ) તેને પરિપુર્ણ કીધી છે; પરંતુ નહિ નહિ આપે મુસલમાનો સાથે પણ, વાયદાની વફાઇ નથી કીધી; બલ્કે તેમની સાથે પણ પ્રપંચ કીધો છે; કેમકે આપ પોતાના હીન્દુ મુરીદોને મુસલમાનતો નથી. બનાવતા; બલ્કે ઇસલામના કાયદા પ્રમાણે તેમને કાફર, નાસ્તિક, મનુષ્ય પુજા (આગાખાનની પુજા) કરનારા બનાવો છો માટે આપે જો આપેલી કબુલાત પુરીજ કરવી હોયતો તેમને સુન્ની મુસલમાન અને હજરત મોહમદ સ૦ ની ઉમ્મતમાં શામેલ થવાનો હુકમ

આપો. આગાખાન પરસ્ત થવાથી ન તો, હીન્દુ થયા તેમ ન તો મુસલમાન થયા; પરંતુ આપ તેમ કરો તેવી ઉમેદ નથી; કેમકે સાંભળવામાં આવ્યું છે કે, અને મને પણ શંકા છે કે, આપ કુરાનને ઇલ્હામી તથા સત્ય માનતા નથી. તો આપ કૃપા કરી પોતાના ધાર્મિક પોઝીશનને બહુજ ઉતાવળે ચોખ્ખું કરો; કે શું આપ ખુદાને વાહદહુ લાશરીક અને હાલના ત્રીસ સીપારાના કુરાનને ખુદાના તરફનું ઇલ્હામી માનો છો? જો આપ ખુદાને વાહદહુ લાશરીક અને કુરાનને ઇલ્હામી માનતા હશો તો, પોતાના મુરીદોને સુન્ની મુસલમાન બનાવવામાં આપને કાંઇપણ બહાનું કે ઢીલ હશે નહિ.

૧૯ આગા સાહેબ! ખુદાને વાસ્તે, ખાસ કરી રીતે બે વખત, ત્રણ વખત ખુદાને વાસ્તે, આ ભોળા, નિરાધાર, દયાને પાત્ર ખુદાના બંદાઓ પ્રત્યે હરગીજ હરગીજ અન્યાય નહિ કરજો. જો કે તેવી આશા અતિ કઠીણ છે; કેમકે જ્યારે આપ ખુદાઇ દાવો છોડતા નથી. ત્યારે એ લોકોને પોતાની સાંકળમાં જકડી ન રાખો, તોપછી આપને કોણ ખુદા તથા પૈગંબર માની જકાત વીગેરેની ખેરાતના કરો આપશે? ગમે તેવા પ્રકારના આનંદનો પ્રસંગ કેમ ન હોય અથવા ગમી, માંદગી, મૃત્યુ વીગેરે દરેક મામલામાં આપે કરો લગાડેલા છે. બલ્કે મરેલા માણસની ક્રીયાકર્મની જણુસો પણ, કે જેનો હકદાર આચાર્ય હોય છે, તે જણુસો પણ આચાર્યજીને ન આપતાં

તેનું લીલાઉ કરી તેના નાણાં પોતાની તીજોરીમાં નાખો છો.

૨૦ આગા સાહેબ! એજ મુરીદોના નાણાથી આપ તથા આપના વડીલોને પરવરીશ, કીર્તિ તથા ખેતાબો પ્રાપ્ત થયેલા છે. આપના દાદા આગા હસનઅલી ઇરાનના શાહ સામે બળવો કરી, હાર ખાઇ હીન્દુસ્તાનમાં આવ્યા. હીન્દુસ્તાનના મુરીદોના નાણાં મળતાં તવંગર થઇ અને કાંઇક લશકરી સવારોની ભરતી કરી, જનરલ નેપીયર તથા જનરલ નાટની કાંઇક લશકરી સહાયતા કરી કીર્તિ, ખેતાબ અને સાલીયાણા વીગેરે પ્રાપ્ત કીધાં અને તેજ મુરીદો તથા તેમના નાણાંની મહેરબાનીથી આજે આપને આટલી ઇજ્જત, ખેતાબો અને ડીગ્રીઓ પ્રાપ્ત થઇ છે. તેમાં કાંઇપણ શંકા લઇ જવાની જગો નથી કે, મુરીદોની હસ્તી ઉપર આપની હસ્તી છે. નહિતર કાંઇએ નહિ.

૨૧ આગા સાહેબ! હવે આપજ પોતાના ગીરેબાનમાં મુખ નાખીને જુઓ, બારીક વિચાર કરો અને બતાવો કે, જે ભોળા લોકોની કમાણી ઉપર આપે જે જાહોજલાલી હાસલ કીધી છે, તેમને જુઠા જાદુના ઉજળા બગીચાઓ દેખાડી, જુઠી લાલચોમાં ફંસાવો છો કે, મુરીદોને સવા લાખ વર્ષનું જગતનું રાજ્ય આપીશ. સ્વર્ગ, હુરો, ગીલ્માન અરદલીમાં ફરીસ્તાઓ, ખજાના તથા સોના ચાંદીના મહેલો આપીશ તો શું આપે તેવા વાયદાઓ અને જીભના લબરકા સિવાય, આજદીન સુધી બીજો કયો આત્મિક, શારીરિક, આર્થિક, નૈતિક

વીગેરે લાભ તેમને આપેલો છે ? તેમને આપ જાહેર ખુદા મળેલા છો અને રાત્રી દીવસ નજરાણુંના બદલામાં આપના દીદાર અને આપની લાકાતો નસીબ થાય છે; એટલું છતાં પણ, તેઓ એવાતો દુર્ગુણી અને સારી રીતભાતથી પડી ગએલા છે કે, અન્યો અન્ય એક બીજાની પરણેલી સ્ત્રીઓને ભગવી જઇ જાહેર રીતે, પોતાની પાસે રાખે છે. બીજાઓને પડતા મુકી પોતાના હમદીન ભાઇઓની ચોરીઓ કરે છે. મતલબ કે બીજા અનેક બદકામો કરે છે; કે જે ખરેખર અજ્ઞાન અને પછાત પડી ગએલા વર્ગના લોકોથી થઇ શકે છે. માટે આપના મુરીદોની આત્મિક, નૈતિક, આર્થિક વીગેરે સ્થિતિ તદ્દન પછાત પડેલી છે. અને આપ તે ભોળા લોકોના પસીનાની કમાણીનાં નાણાંનો મોટો ભાગ રાત્રી દિવસ યુરોપની મુસાફ્રીઓ અને અમન ચમનમાં ઉડાવો છો. અને કાંઇક મુસલમાનોની કૉલેજો, મસજીદો અને તુર્કી તથા બાલ્કન લડાઇના ફાળામાં આવો છો.

૨૨ આગા સાહેબ ! આપજ ફરમાવો કે, એ કયા મઝહબમાં જાયેઝ તથા કયાંનો ઇનસાફ છેકે, જે મુરીદોથી આપને એવડો મોટો લાભ મળે છે હવે તે બાપડા ભોળા મુરીદોને, કોઇપણ લાભ ન પહોંચાડતાં, ઉલટી તેમની કોમી હસ્તી અને તેમના વડીલોના નામો નીશાનને નાબુદ બનાવી, તેમને શીઆ ઇમામી ઇસ્માઇલી યાને આગાખાની મુસલમાન બનાવો છો. આપની શાન તો ઘણી મોટી છે એક હલકામાં હલકા

માણસને પણ એ ઘટારત નથી કે, જે બાગના વૃક્ષો, ફળો તથા ફુલોથી તેણે પરવરીશ તથા જાહોજલાલી મેળવી હોય, તે તે બાગ અને તેના ફુલ ફલોનું સાધારણ રૂપાન્તર કરવા માટે તુરતજ, તેનું નામો નીશાન પણ રહેવા ન દે; અથવા જે ગાય વીગેરે ઉપયોગી પશુઓ આગળથી વરસોના વરસો લગી દુધ, મલાઇ, માખણ વીગેરે વસ્તુઓ મેળવી અમન ચમન ઉડાવ્યો હોય, તેને એકદમ કસાઇઓને હવાલે સુપ્રત કરી આપે.

૨૩ આગા સાહેબ! એ વાત કબુલ રાખીએ કે, હવે આ બાગ પ્રથમના જેવો વિશેષ ફળ ફુલ આપવાને લાયકનો નહિ રહ્યો હોય; અથવા ગાય પુરેપુરૂ દુધ ન આપી શકતી હોય, તોપણ આપ જેવા માતબર ગ્રહસ્થની શાનને, એ ઘટારત નથી કે, બાગને ભષ્મ કરી તોડી પાડવાને અથવાતો ગાયને ઝબે કરવાને માટે, બીજાઓને સુપ્રત કરી આપો. આપનું આ કાર્ય તદ્દન ન્યાય વિરૂદ્ધનું છે.

૨૪ આગા સાહેબ! જગતમાં ન તો નવશીરવાં આદીલ, વિક્રમાજીત ઉદાર, માહમુદ લોભી અને ઔરંગઝેબ જાલીમ રહેવા પામ્યો છે. માત્ર તેમના કર્તવ્યો બાકી રહી ગયાં છે. તેવીજ રીતે નતો આપના વડીલો રહેવા પામ્યા; ન આપ પોતે રહેશો. દરેક મનુષ્યે કરેલાં કર્તવ્યો તેના માથાપર ઝળકે છે; પછી તે કાળાં હોય કે ઉજળાં.

૨૫ આગા સાહેબ! આ બાબતને આપ પોતેજ મારા

કરતાં વિશેષ સમજી શકો છો; પરંતુ સ્વાર્થબાજી કેટલીક વખતે મનુષ્યને સમજવા નહિ દેતાં; ધર્મ ઇમાન તથા શ્રેષ્ટ બાબતો થી વિમુખ કરી દે છે. હું પણ ઘણી મુદત સુધી આપનો મુરીદ રહી, જુદા જુદા અનેક કરો આપની સેવામાં અદા કરી ચુકયો છું લેટલા માટે ઘણાજ વિવેક તથા શુદ્ધ મને શુભ કાર્યની સલાહ રૂપે, આ વિનંતી કરૂં છું કે, આપ પ્રથમતો પોતાના ભોળા મુરીદોને તદ્દન છુટા કરી આપો; કે જેથી બંને જહાનમાં આ લોક તથા પરલોકમાં આપની ભલાઇ તથા કીર્તિ જાહેર થાય. જો તેઓને છુટા ન કરવા માગતા હોતો, મેહરબાની કરી તેમની કોમી હસ્તીને દુનિયામાંથી નાબુદ ન કરો.

૨૬ આગા સાહેબ! એ બાબત પણ આપની જાણમાં રહેવી જોઇએ કે, પંજાબના આપના લગભગ પાંનસો મુરીદો આપની ખુદાઇ તથા પેગંબરીથી મુક્ત થઇ ગયા છે. અને નજીકમાં બીજાઓ પણ નીકળી જશે. બહુજ થોડા એ લોકો, કે જેનું વર્ણન હું ઉપર કરી ચુકયો છું, તે શીઆ ઇમામી ઇસમાઇલી આગાખાની મુસલમાન થશે; પરંતુ યાદ રાખવું જોઇએ કે, છેવટે તેઓ પણ ત્યાં ન ટકી રહેતાં, હીન્દુઓના ચર્ણ આગળ અવશ્ય પરત આવશે; કેમકે તેમના હાડમાંસમાં શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ન, યુધિષ્ટર, ભીમ, અર્જુન વીગેરેનું લોહિ છે. તે એક દહાડો અવશ્ય ઉછાળો મારશે. માટે આવી સ્થિતિ વચ્ચે નિષ્ફળતા સિવાય બીજું કાંઇપણ આપના હાથમાં નહિ આવશે.

૨૭ આગા સાહેબ ! આપની એવી ધારણા પણ ખરી નથી કે, આપની તેવી કારકીર્દિથી મુસલમાનો ખુશી થશે; કેમકે આપ પોતાના મુરીદોને મુસલમાન તો નથી બનાવતા; બલ્કે આપ તેમને ખુદાથી ગુમરાહ તથા મુનકર કરી પોતાની પુજા કરાવો છો, જેમકે હું પ્રથમ જણાવી ગયો છું. માંડ માંડ જો એમ પણ માની લઇએ કે, થોડાક મુસલમાનો જે ઇમાન, કુરાન તથા ખુદાની પરવા ન કરતાં, ખુશી પણ થાય તો, ત્યાં તેત્રીસ કરોડ હીન્દુઓનું દીલ દુખાશે.

૨૮ આગા સાહેબ ! કેટલોક વખત થયા આપના મુખમાંથી એ અવાજ સંભળાય છે કે, હીન્દુઓ તથા મુસલમાનો વચ્ચે સુલેહ થાય અને આપ પોતે પોતાને હીન્દુ મુસલમાન વચ્ચેના સંપના હીમાયતી અને અંતઃકરણ પુર્વકના હીન્દુ મુસલમાનો વચ્ચેના સુલેહ સંપના ચાહનારા જણાવો છો. તોપણ કેવી રીતે આપ પોતાના જ્ઞાનદીપથી ઉલટા ચાલી, ભોળા હીન્દુ ભાઇઓ અને તેમના કલેજાના ટુકડાઓને, માત્ર સ્વાર્થબાજી તથા અંગત લાભને માટે, શીઆ ઇમામી ઇસમાઇલી બનાવી, હીન્દુઓની સખ્ત લાગણી દુખાવો છો. અને જો આપ પોતાની આ પોલીસિથી વિમુખ ન થયા તો, આપના પર આ કહેવત સત્ય રીતે લાગુ પડી જશે કે, હાથીના દાંતો ચાવવા તથા દેખાડવાના જુદા જુદા છે.

૨૯ આગા સાહેબ ! આપની સત્યતા, શુદ્ધતા, અંતઃકરણની પવિત્રતા, ન્યાય તથા ભક્તીનિષ્ઠા વીગેરે સદગુણોની

પરીક્ષાનો આ સમય છે. હું તથા જગત જોશે કે, આપનું જાહેર તથા બાતેન એક છે કે બે.

૩૦ હવે આપે ખુદાનો ખોફ રાખી, પોતાની કીર્તિ તથા જાહોજલાલી અને માતબર મિત્રો તથા ગોઠીયાઓની કીર્તિ તથા ખ્યાતિને હદ્દિ મર્યાદામાં રાખી, બાપડા ભોળા તથા વિશ્વાસુ મુરીદો આગળ પોતે ખુદા તથા પેગંબર બની રાજ્ય, સ્વર્ગ અને હુરોની લાલચો તથા ચકમાઓ આપી, નિર્દય-તાથી નાણું નહિ મેળવવાં જોઇએ અને તેમને વેદ તથા ઇશ્વ-રથી ગુમરાહ કરી, પોતાની પુજા નહિ કરાવવી જોઇએ. આવા મહા ધાસ્તી તથા અપમાન ભર્યા આરોપ તથા ડાઘથી આપે પોતાને બચાવી લેવા જોઇએ.

૩૧ તા. ૨૩ જાન્યુઆરી સને ૧૯૧૪ ની સાંજે, આપે પોતાના બંગલાપર વગવાળા હીન્દુ ડેપ્યુટેશનને, જેને આપે પોતેજ દરખારત કરી બોલાવેલ હતું, તેમની રૂબરૂમાં આપે એવી કબુલાત આપી હતી કે, હું મારા હીન્દુ મુરીદોને મુસલ-માન બનાવવામાં જરા પણ રાજી નથી; બલ્કે તેઓ હીન્દુ રહેતો હું ખુશી છું અને વળી આપ તેમને શીઆ ઇમામી ઇસમાઇલી નહિ બનાવશો એમ આપે ફરમાવી જણાવ્યું હતું કે આપને હીન્દુઓ સાથે વધુ મહોબત છે અને એજ કારણ છે કે, મોટા મોટા મુસલમાનો આપ સાથે રશ્ક તથા હસદ કરે છે; પરંતુ હવે થોડા દહાડા થયા આપના તરફથી તે કબુ-લાત વિરૂદ્ધ વર્તન થવા માંડી છે. અને આપના મીશનરીઓ

આપના મુરીદોમાં ભમતાં, હીન્દુ મુરીદોને જાહેર રીતે શીઆ ઇમામી ઇસ્માઇલી મુસલમાન બનાવે છે. અફસોસની વાત છે કે, આપ જેવો માતબર, કીર્તિવંત અને કોમના બીડરોમાંનો મુખ્ય, આવોજ વાયદો અને બોલ પાળી બતાવે. ઇશ્વર કરેને તેમ ન થશે.; પરંતુ બનાવો ખુલ્લે ખુલ્લા જાહેર છે તેથી અમો તે પ્રત્યે કેવી રીતે આંખ બધ કરી શકીએ !

૩૨ આગા સાહેબ ! છેવટમાં મારા ખુદાની મહાન હજુરમાં મારી નમ્રતા પુર્વકની બાર આપીને વિનતી છે કે, ખુદા આપનું સ્વાર્થબાજી વીગેરે દુર્ગુણોથી રક્ષણ કરી, આપને ભલા વિચારો, ભલા લક્ષણો, ભલી નિષ્ટા, ઇમાનદારી, ન્યાય, સત્યતા, શુદ્ધતા તથા ઇમાન અર્પણ કરે, અને આપને પોતાના મહાન ખેતાબો તથા કીર્તિની કદર, અને વળી તેમાં પણ ઉન્નતિના વિચારો તથા ઇચ્છાઓ ઉમેરી આપે. અને તે સઘળી આબરૂ આપને મુબારક થાય.

હું આપનો સાચો શુભેચ્છક.

સી. આર. ક્રિશ્ના પેશાવરી

ઑનરરી સેક્રેટરી આગાખાની હીન્દુ રક્ષા મીશન.

ખુલ્લી ચીઠ્ઠીનો જવાબ.

અમોએ ખુલ્લી ચીઠીના સઘળા લખાણને વાંચી જોયું અને તે શા માટે લખવામાં આવ્યું તેનું કારણ પણ તપાસી જોયું, તો અમોને તેનું એજ કારણ જણાયું કે, આગાખાન પોતાના પંજાબના શમ્શી મુરીદોને, જે જાહેરમાં હીન્દુ ગ્નાતીઓ સાથે ભળેલા રહી, આગાખાન મતની માન્યતા ધરાવે છે, તેને જાહેરમાં મુસલમાન બનાવી દેવા માગે છે એટલે કે શમ્શી મુરીદો જે હીન્દુ ધર્મ પાળનારી હીન્દુ ગ્નાતીઓ સાથે બેટા બેટીનો વહેવાર રાખે છે તથા બીજી હીન્દુ ધર્મને લગતી રસમો ધરાવે છે, તેને પોતાના મુસલમાન મુરીદો જેવા કરી નાંખવા. આગાખાનની આવી હીલચાલથી નારાજ થઇ તથા તેમને તેમ કરતા અટકાવવા માટે, આ ખુલ્લી ચીઠી બળાપા રૂપે લખી મારી છે. આ એવી બાબત છે કે, જેનો મી. રાધા કૃષ્ણ કે, બીજો કોઇ પણ કે જેણે ખુલ્લી ચીઠી વાંચી હશે તે ઇનકાર કરી શકશે નહિ

મી૦ રાધા કૃષ્ણ ખુલ્લી ચીઠ્ઠીની જુદી જુદી કલમોમાં ઉપરની બાબતનો ખુલ્લી રીતે ઇકરાર કરેછે. કલમ ૧૭ માં તે જણાવે છેકે પંજાબના શમ્શી મુરીદોને મુંબઇ ખાતે તેમને

શીઆ ઇમામી ઇસમાઇલી આગાખાની મુસલમાન બનાવવા માટે તેડાવવામાં આવ્યા હતા. કલમ ૧૮ માં જણાવે છે કે આપે પોતાના શમ્શી મુરીદોને હીન્દુઓ તથા હીન્દુ મહા પુરૂષોથી અભાવ ઉતપન્ન કરાવી આપ્યો છે. સાથેજ તે જણાવે છેકે આપના સ્વાર્થી મુરીદો અવસ્ય શીઆ ઇમામી ઇસમાઇલી થઇ જશે. અને તેમ કરી પોતાના વડીલોના નામો નીશાન તથા ખાનદાનને ખોઇ નાખશે. વળી તે જણાવે છે કે, આપે પોતાના હીન્દુ મુરીદોને મુસલમાન બનાવી આપવાની જે કબુલાત મુસલમાનો આગળ આપી છે તેને પરિપુર્ણ કરવાને આ શમ્શી હીન્દુ મુરીદોને આગાખાની મુસલમાન બનાવી દેવા માગો છો. કલગ ૧૯માં તે જણાવે છે કે, હીન્દુ શમ્શી મુરીદોને આગાખાની મુસલમાન બનાવી, તેમનાપર હરગીજ હરગીજ અન્યાય કરશો નહિ. કલમ ૨૨ માં જણાવે છે કે, બાપડા શમશી હીન્દુ મુરીદોને કાંઇપણ લાભ ન પહોંચાડતાં ઉલટી તેમની કોમી હસ્તી અને તેમના વડીલોના નામો નીશાનને નાબુદ બનાવી તેમને શીઆ ઇમામી ઇસમાઇલી અને આગાખાની મુસલમાન બનાવો છો. વળી તે જણાવે છે કે તેમને શીઆ ઇમામી ઇસમાઇલી બનાવી દેવા તે ફળદાતા બાગને ઉજડ કરી નાખવા તથા દુધ આપનારી ગાયને કસાઇને સુપ્રત કરવા સમાન છે. કલમ ૨૩ માં પણ એજ મતલબનો બળાપો જાહેર કરવામાં આવ્યો છે. કલમ ૨૪ માં પણ જો તેમ કરશો તો મહા અપરાધી ઠરશો, તેવો આક્ષેપ મુકે છે. કલમ ૨૫ માં હીન્દુ શમ્શી મુરીદોને તદ્દન છોડી

આપવાની માગણી કરવામાં આવી છે અને છેવટમાં તેમને આગાખાની મુસલમાન બનાવી તેમના હીન્દુ પણાને જગતમાંથી નાબુદ નહિ કરવાની મહેરબાની માગી છે. કલમ ૨૬ માં જણાવ્યું છે કે. પંજાબમાંના આપના હીન્દુ શમ્શી મુરીદોમાંના પાંનસો લોકો આપની મુરીદીમાંથી નીકળી જઇ, ચોખ્ખા હીન્દુ જમાતમાં જઇ મળી ગયા છે અને નજીકમાં બીજાઓ પણ નીકળી જશે. સાથેજ તે જણાવે છે કે, જે થોડાઓ શમ્શી હીન્દુ મુરીદો શીઆ ઇમામી ઇસમાઇલી થઇ જશે; તે પણ છેવટે ત્યાં ન ટકી રહેતાં, હીન્દુઓના ચર્ણ આગળ માથું નમાવશે; કેમકે તેમની રગોમાં શ્રી રામચંદ્ર, કૃષ્ન, યુધિષ્ટર, ભીમ, અર્જુન વીગેરેનું લોહિ છે જે એક દહાડો જરૂર ઉછાળો મારશે. કલમ ૨૭ માં જે હીન્દુ શમ્શીઓ આગાખાની મુસલમાન થશે, તેનાથી બીજા મુસલમાનો ખુશી થશે નહિ તેમ જણાવી, ખુશી થનારા મુસલમાનોને ઇમાન, કુરાન, તથા ખુદાની પરવા નહિ કરનારા જણાવવામાં આવ્યા છે. અને જો હીન્દુ શમ્શી મુરીદોને આગાખાની મુસલમાન બનાવશો તો, હીન્દુઓની ૩૩ કરોડની સંખ્યાનું તેથી દીલ દુખાશે એમ ધાસ્તી અપાવવામાં આવી છે કલમ ૨૮ માં આગાખાનને હીન્દુ તથા મુસલમાન કોમ વચ્ચેની સુલેહ માટેના હીમાયતી જણાવી, હીન્દુઓના કલેજાના ટુકડાઓને શીઆ ઇમામી ઇસમાઇલી નહિ બનાવવા માટે, માગણી કીધી છે. અને જો તે માગણી નહિ સ્વીકારવામાં આવશે તો તેથી હીન્દુઓની લાગણી દુખાશે તેમ લખ્યું

છે કલમ ૨૯ માં ખોજા શમ્શી હીન્દુ મુરીદોને શીઆ ઇમામી: ઇસમાઇલી આગાખાની મુસલમાન બનાવશો તો, હીન્દુ તથા મુસલમાન કોમો વચ્ચે સુલેહ કરાવવાના ઇરાદાનો ગ્નાનદીપથી ઉલટું થશે, તેવો આક્ષેપ મુકયો છે. કલમ ૩૦ માં શમ્શી મુરીદોને વેદ તથા ઇશ્વરથી વેગળા નહિ કરવા જોઇએ, તેવું જણાવી નેવી બાબતને બહુજ ધારતી ભરી જણાવી છે. કલમ ૩૧ માં મુંબઇ ખાતે હીન્દુઓના વગવાળા ડેપ્યુટેશન સન્મુખ હીન્દુઓને મુસલમાન નહિ બનાવીશ, તેવી આગાખાને આપેલી કબુલાત યાદ આપાવી, તેથી વિરૂધ્ધ વર્તવામાં આવે છે તેમ જણાવેલું છે.

ખુલી ચીઠીના ભાષાન્તરમાં, તથા ઉપરની સંખ્યાબંધ કલમોના ઇન્તેખાબથી ધોળા દહાડાની જેમ જાહેર થાય છે કે મી. રાધાકૃષ્ણ આગાખાનના શમ્શી મુરીદોને, આગાખાનની મુરીદીમાંથી છોડાવી પોતાની જેમ આર્યસમાજી બનાવવા માગે છે અને આગાખાન જે તેમને પાકા આગાખાની મુસલમાન બનાવવા માગે છે, તે તેમ ન બનાવે, તેમ તે ચાહે છે અને પોતાની આવી ચાહનામાં તે પોતે નિષ્ફળ જાય છે, તેથી આ સઘળો બળાપો તથા કોલાહલ મચાવે છે.

શ્રી રાધાકૃષ્ણે જે ચીઠી લખી છે તે જોતાં તેમાંથી કેવા મુદ્દા નીકળી શકે છે, તે પ્રથમ નક્કી કરવું જોઇએ, કેમકે જો તેમ કરવામાં આવે તો બધો ખુલાસો બહુજ સરલાઇથી કરી શકાય. અને વાંચકોને પણ મુળ લખાણ ઉપર દૃષ્ટિ મર્યાદા

realpatidar.com

રાખતાં શા ખુલાસા આપવામાં આવ્યા છે. તેનો સુઝ વાંચે અને મી. રાધાકૃષ્ણ પણ પોતાના લખાણના ગુણદોષ ઉપર વિચાર કરી શકે. લખાણ લંબાણ ન થઇ જાય. તે ધોરણે અમે નીચેના મુદ્દા કાઢીએ છીએ.

— મુદ્દાઓ —

૧ આગાખાન પોતાના શખ્શી મુરીદોને મુસલમાન બનાવી શકે કે નહિ?

૨ આગાખાને મુસલમાનો પાસે કરેલો વાયદો વ્યાજબી છે કે ગેરવાજબી?

૩ ધર્મ બદલવાથી કોગી લાગણી દુખવ્યાનો સવાલ વ્યાજબી છે કે ગેરવાજબી?

૪ મી. રાધાકૃષ્ણનો પ્રયાસ ઇસ્લામને હાની કર્તા છે કે લાભ કર્તા?

૫ મી. રાધાકૃષ્ણનું વાદવિવાદનું ધોરણ નીતિસરનું છે કે નહિ?

૬ આગાખાની મત ઉપર મુકવામાં આવેલા આક્ષેપો વ્યાજબી છે કે ગેરવાજબી?

—પહેલો મુદ્દો.—

દરેક ધર્મના ધર્મગુરૂઓ પોતાના શીષ્યો વધારવામાં મં-ડેલા રહે છે. એક ધર્મમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં જવું, એવું આવાગમન ચાલી રહેલું છે, પાદરીઓ, મોલવીઓ, પંડીતો, ભકતો. આદિ ધર્મપ્રચાર પુરૂષો આ કામ હામ હામ બજાવતા જોવામાં આવે છે. આગાખાન પણ એક મુસલમાન ટોળાંનો ધર્મ ગુરૂ હોતાં, તેઓ પોતાના શિષ્યોની સંખ્યા વધારે, તેમાં કાંઇ આશ્ચર્યની વાત નથી, બલ્કે પોતાનો ધર્મ વધારે એ તેમની ખાસ ફરજ હોવી જોઇએ. અને આ ફરજ એવી છે કે, જે દરેક ધર્મના ધર્મગુરૂઓને સરખે ભાગે આવે છે. માટે આગાખાન પોતાના હીન્દુ મુરીદોને મુસલમાન બનાવે, તે તદ્દન વાસ્તવિક છે. જો આગાખાનને નવા શીષ્યો કરતાં અટકાવવાનું જણાવવામાં આવે તો, તે મોટા અન્યાયની વાત ગણાસ; કેમકે તેજ ધોરણે દરેક ધર્મના ધર્મ ગુરૂઓને પણ પોતાના શીષ્યો વધારવાનું બંધ કરવું જોઇએ. જો તેમજ થાય તો દુનિયામાંથી સત્યનું દ્વાર બંધ થઇ જાય. અને જેને મુકિત કહે છે તે, દ્રષ્ટિથી અલોપ થઇ જાય. સાથે સાથે મી. રાધાકૃષ્ણનો પ્રયાસ જે આગાખાની મુરીદોને આર્યસમાજી બનાવી દેવાનો છે, તે પણ નાબુદ થઇ જાય અને જે પાનસો આગાખાની મુરીદોને આર્ય સમાજી બનાવી દીધા છે, તેમને પરત આગાખાની શીષ્યો તરીકે આપી દેવા જોઇએ. મી. રાધાકૃષ્ણનું એમ કહેવું કે, આગાખાન પોતાના હીન્દુ મુરીદોને

મુસલમાન ન બનાવે, તે કેટલું ગેરવાજબી તથા તેમના પોતાનાજ પગમાં કુહાડી મારનારૂં અને જગતમાં કોઇને પણ ન રૂચે તેવું છે. તે બહુજ સહેલાઇથી સમજી શકાશે.

આગાખાન માત્ર પોતાના હીંદુ મુરીદોને મુસલમાન બનાવે તેમાં તો કાંઇ વાંધો લેવા જેવું છેજ નહિ; પરંતુ જો તેઓ એવા હીંદુઓને જે તેમના મુરીદ પણ ન હોય, તેમને પણ મુસલમાન બનાવવા માગે તો, તેમાં પણ તેઓ વ્યાજબી ઉપર છે, બલકે તેઓ જો તેમ ન કરે તો, તે તેમની ફરજની અજ્ઞાન ખામી ગણાશે. હિંદુઓને તો મુસલમાન બનાવવા માટેની મનાઇ કરવી અને પોતે મુસલમાનોને હીંદુ બનાવવાનો પ્રયાસ કરવો, એ શું ગેર ઇનસાફ ભરેલી વર્તણુ નથી? પ્રથમ તો આર્યસમાજમાં કોઇને પણ શામેલ કરવાનું બંધ કરી આપવુ જોઇએ અને ત્યાર પછી આગાખાનને શીખામણ આપવા નીકળવું જોઇએ.

જો આગાખાન હીંદુઓને મુસલમાન બનાવે, તે કાર્ય ગેરવાજબી ગણવુ હોય તો, સ્વામી દયાનંદ સરસ્વતી તથા બીજા આર્યસમાજી પંડીતોએ, જે આર્યસમાજના શિષ્યોની ભરતી કીધી છે, તેને શા માટે ગેરવાજબી નહિ ગણવું જોઇએ? માટે મી. રાધાકૃષ્ણ! જરા પોતાના ગીરેબાનમાં મુખ નાખીને વિચાર કરો, અને અન્યાય ભરેલી રીતભાતથી પોતાને દુર કરો, નહિતર તમારો સઘળો પ્રપંચ ખુલ્લો થઇ જતાં વાર લાગશે નહિ.

—બીજો મુદ્દો.—

આગાખાન સાહેબે મુસલમાનો આગળ એવી કબુલાત આપી છે કે, મારા જે મુરીદો હીંદુઓ છે તેને હું બહુ જલદીથી મુસલમાન બનાવી દઇશ. તેમનું આમ કહેવું એ તેમના મુસલમાન હોવાને લઇ તથા તે ટોળાંમાંના એકના તેઓ આચાર્ય હોવાને લઇ, તદન વ્યાજબીજ હતું. અને તેમ કહેવું એ તદન ઇનસાફ ઉપર અવલંબી રહેલું છે. પોતાના મુરીદો જે હજુ પુરા પાધરા મુસલમાન થયા નથી, તેમને પુરા પાધરા મુસલમાન બનાવવા એ બહુજ જરૂરની બાબત છે; કેમકે તેઓ જો તેમ ન કરે તો, તેમની ફરજમાં ખામી આવે છે અને જે મુરીદો પુરા પાધરા મુસલમાન થયા નથી, તેમને મુસલમાની ધર્મથી પુરો પાધરો લાભ મળી શકે નહિ. માટે આગા સાહેબનું કાર્ય તદન વ્યાજબી છે. અને તે સર્વ માન્ય છે.

પોતાની આપેલી કબુલાત પ્રમાણે આગા સાહેબે પોતાના પંજાબના શમ્શી હીન્દુ મુરીદને મુસલમાન બનાવવા માંડ્યા છે. તેમના મીશનરીઓએ તે કાર્ય બજાવવા માંડ્યું છે અને તેમાં તેઓ ફળીભુત થયા છે. ત્યાં પંજાબના તેવા અનેક મુરીદોએ ખુદ આગા સાહેબના હાથ ઉપર મુસલમાન થવાનું કબુલ કીધું; તેથી તેમને મુંબઇ ખાતે ફખરૂમાં બોલાવવામાં આવ્યા હતા. અને તેમ કરી તેમને પુરાપાધરા મુસલમાન કીધા હતા.

તે કાર્યથી મી. રાધાકૃષ્ણ નારાજ થઇ તેઓઓને આગાખાન મુસલમાન ન બનાવે, તેવો પ્રયાસ કરવાને મુંબઇમાં દોડી આવ્યા હતા. અને મુંબઇની આર્ય સમાજનો આશરો લીધો હતો. જો કે પંજાબના આગા સાહેબના સઘળા સમ્શી મુરીદો જેને હીન્દુ માનવામાં આવે છે, તેજ એક મોટી ભુલ છે. તેઓ મુસલમાનજ છે; પરંતુ તેઓ હીંદુઓના જેવી કેટલીક એવી રૂસમો ધરાવે છે કે, જેથી તેઓ હીંદુ છે તેમ લાગે; પરંતુ ખાતેનમાં તેઓ અર્ધ દગ્ધ મુસલમાનજ છે. આવી હકીકત મી. રાધાકૃષ્ણ તો જાણતાજ હોવા જોઇએ; કેમકે તેમણે તથા તેમના બાપદાદાઓએ આગાખાનના શીષ્યપણાની વાળી પોતાના કાનોમાં પહેરી હતી; છતાંપણ મુંબઇની આર્ય સમાજ આગળ તેઓ ઇરાદા પુર્વક અને પોતાનો હેતુ સાધી લેવાને હડહડતું જુઠું બોલ્યા કે, આગા સાહેબ હજારો હીંદુઓને મુસલમાન બનાવી નાખે છે તે માટે હીંદુ ધર્મના રક્ષણ માટે તેમને તેમ કરતાં અટકાવવા પ્રયાસ કરવા જોઇએ.

મુંબઇની આર્ય સમાજના તદ્દન અજાણ્યા આગેવાનો મી. રાધાકૃષ્ણની વાત સાંભળી દોરાઇ ગયા અને જે ધોરણે ભુલથાપ આપવામાં આવી છે. તે ધોરણે દોરાઇ જવા પણ જોઇએ. તેઓ એમજ સમજ્યા કે, હજારો હીંદુઓને મુસલમાન બનાવી દેવામાં આવે છે આ ઉપરથી તેમનું એક ડેપ્યુટેશન આગાખાનને બંગલે ગયુ. જેમાં મી. રાધાકૃષ્ણ પણ જોડાયા; પરંતુ પાછ-

ળથી તેમને તેમાંથી ફરી ફરી માર્ગનીજ કેદ દુકાન ઉપર ડેપ્યુટેશન વળી આવે ત્યાંસુધી માટે બેસાડી દેવાગાં આવ્યા.

જ્યારે ડેપ્યુટેશનની વાત સાંભળી ત્યારે આગા સાહેબને બહુજ નવાઇ લાગી અને તે નવાઇ માત્ર તેમને મી. રાધાકૃષ્ણે ભુલથાપ ખવાડી હતી, તેના માટેજ હતી. ડેપ્યુટેશને હીંદુઓને મુસલમાન નહિ બનાવવા માટે અરજ કીધી, જે આગા સાહેબે સ્વીકારી; કેમકે તે વખતે કોઇને પણ મુસલમાન તો નહોતોજ બનાવવો; પરંતુ પોતાના એવા ગુપ્તી મુરીદોને જે પોતાની કેટલીક હીંદુ રસમોને લઇ હીંદુમાં ખપવાની લોકોને ભુલથાપ આપતા હતા, તેમને જાહેરમાં મુસલમાન બનાવવા હતા. આગા સાહેબે આપેલી કબુલાત પ્રમાણે એકપણ હીંદુને મુસલમાન બનાવ્યો નથી; પરંતુ પેલા હીંદુ રસમો ધરાવતા ગુપ્તી મુરીદોનેજ જાહેરમાં મુસલમાન બનાવ્યા છે. એટલે કે તેમનામાં રહેલી કેટલીક એવી રસમો જે લોકોને તે હીંદુઓ છે, એવી ભુલથાપ આવતી હતી, તે દુર કરી આપી અને તેમના હીંદુ જેવાં નામો બદલી મુસલમાન નામો રાખી આપ્યાં. આ સિવાય આગા સાહેબ તથા તેમના મીશનરીઓએ કાંઇ પણ કીધું નથી અને એ રીતે મી. રાધાકૃષ્ણની મુંબઇની આર્ય સમાજને આપવામાં આવેલી ભુલથાપ તદન ખુલી પડી ગઇ હતી અને ડેપ્યુટેશનની એકંદર રીતે કેવી દયાજનક સ્થિતિ થઇ પડી હતી, તેનું આબાદ વર્ણન પ્રખ્યાત પત્ર "ગુજરાતી" માં વિસ્તારથી છપાયું હતું.

મી. રાધાકૃષ્ણથી પ્રથમ તો મુંબઇની આર્યસમાજ બોળ- વાઇ ગઇ અને તેણે આર્યસમાજ મંદિરમાં મી. રાધાકૃષ્ણ પાસે બે ભાષણો પણ અપાવ્યાં; પરંતુ તુરતજ તે મી. રાધા- કૃષ્ણના ગેરવાજબી ધોરણને પામી ગઇ અને મી. રાધાકૃષ્ણનું બીજું ભાષણ જેની કબુલાત વર્તીક સમાજે સ્વીકારી ટાઇમ પણ જણાવી આપ્યો હતો અને જે માટે પેપરોમાં પણ તેનું પ્રોગ્રામ છપાયું હતું; તે ભાષણ અટકાવી દીધું. લોકો આર્ય સમાજમાં આવી નોટીસ વાંચી પરત ચાલ્યા ગયા. આ ભાષ- ણ આપવા માટે મી રાધાકૃષ્ણે ઘણોએ પ્રયાસ કીધો; પરંતુ સમાજના પ્રધાન ડા કલ્યાણદાસે તેમની કાંઇ પણ વાત માની નહિ. વળી તેમણે જે બે ભાષણો આપ્યાં હતાં, તેમાંનું એક તો આર્ય પ્રકાશે છાપ્યું પણ નહિ; જો કે છપાવા માટે મોક- લ્યાનું, તેઓ જણાવતાજ રહયા, પરંતુ અમો જ્યાં સુધી જા- ણીએ છીએ ત્યાં સુધી, તે ભાષણ ડા. કલ્યાણદાસની દુરંદેશી ને લઇ આર્ય પ્રકાશમાં દાખલ થતું અટકાવાયું હતું.

—ત્રીજો મુદ્દો.—

કોઇ પણ ધર્મમાંથી એક કે વિશેષ માણસો નીકળી જાય તો તે ધર્મના લોકોને ગમતું નથી, કેમકે સંખ્યાનો ઘટાડો અતિ હાનીકારક છે. વળી તે જો નીકળી જનાર મેમ્બર કે મે મ્બરો મુળ ધર્મ તથા સમાજને ઉપયોગી હતા, તો તેથી તે- મના નીકળી જવાથી વિશેષ દીલગીરિ થાય છે. આ ધોરણ

કોઇ પણ એક ધર્મને લાગુ નથી; પરંતુ સઘળા ધર્મોને એક સરખી રીતે લાગુ પડે છે. આ ધોરણ જેમ સર્વે ધર્મોને લાગુ પડે છે તેમ તે સર્વે ધર્મોમાં પ્રચલિત પણ છે. આવી નાપસંદગી તથા દીલગીરિથી કોઇ ધર્મ પોતે બચી શક્યો નથી તેમ ભવિષ્યમાં પણ પોતાનો બચાવ કરી શકતો નથી એક ધર્મમાંથી નીકળી બીજામાં જવું એવી ઘટમાળ હમેશાં ચાલુ રહેવાની છે અને તે ચાલુ રહે તેમાંજ જગતને લાભ છે. હવે આવી ફરજીઆત જેવી બાબત માટે નાપસંદગી તથા દીલગીરિને ગંભીર રૂપ આપવું એ અકલમંદીથી વેગળું છે.

મી. રાધાકૃષ્ણનો આગા સાહેબ પોતાના હીંદુ મુરીદોને મુસલમાન બનાવે, તેથી પોતાની તથા હીંદુ સમાજની લાગણી દુખાય છે તેમ જણાવી, તે ન દુખવવા માટે આગા સાહેબને તે હીંદુ મુરીદોને મુસલમાન નહિ બનાવવાની અરજ કરે છે. આ અરજ પણ એક વિચિત્ર પ્રકારની અરજ છે. નામદાર આગા સાહેબ તેમની અરજનો ત્યારેજ સ્વીકાર કરી શકે છે કે. જ્યારે તેઓ પોતાની ધર્મગુરૂ તરીકેની ફરજને તજી આપે અથવા ધર્મગુરૂપણાથી વેગળા ખસી જાય. આવી માગણી આગાખાન તો સ્વીકારી શકેજ નહિ; પરંતુ આર્ય સમાજ કે કોઇ પણ ધર્મનો આચાર્ય કબુલે નહિ. ખુદ મી. રાધાકૃષ્ણ પણ તેને સ્વીકારતા નથી અને સ્વીકારી પણ શકતા નથી. તેમ અમો તેમને કે કોઇને તે સ્વીકારવાને કહી પણ શકતા નથી.

પોતાનો ધર્મ વધારવાની દરેકને ધોરણસરની છુટ છે અને તે છુટ કોઇ પણ રીતે કોઇ છીનવી શકતો નથી.

આગાખાન હીંદુઓને મુસલમ ન બનાવે, તેથી જો મી. રાધાકૃષ્ણની અને તેઓ જણાવે છે તેમ, ૩૩ કરોડ હીન્દુઓની લાગણી દુખાય છે, તો અમો પણ કહીએ છીએ કે, જો આગાખાનના એક પણ મુરીદને આર્ય સમાજમાં લઇ લીધો તો; અમો ૩૬ કરોડ મુસલમાનોની લાગણી દુખાશે. હીંદુ ભાઇઓની લાગણી તો માત્ર હીંદુસ્તાનની હદમાંજ દુખાશે; પરંતુ અમો મુસલમાનોની લાગણી તો જગતના સઘળા ખંડોમાં દુખાશે. અમો બીજા દરેક ધર્મના ધર્મગુરૂઓ તથા શીષ્યોને સામાન્ય રીતે એમ કહીએ કે, જો તમો અન્યોઅન્ય ધર્મમાંથી કોઇ પણ એકની ખેંચતાણ કરશો તો, તેથી અન્યોન્યના કરોડો લોકોની લાગણી દુખાશે; પરંતુ અમો આવી સુચના કોઇને કરી શકતા નથી. કરવાનો અધિકાર પણ નથી. અને જો મી. રાધાકૃષ્ણની જેમ કરીએ તો, તે કોઇને માનવાનો અધિકાર નથી. તેની માગણીજ ફક્ત એક પ્રકારનું હંબક છે.

આજ સુધીમાં કરોડો હીંદુઓ મુસલમાન થઇ ગયા છે. કરોડો ક્રીસ્તીઓ પણ ઇસલામથી મુશર્રફ થયા છે. થતા જાય છે; પરંતુ મી. રાધાકૃષ્ણની જેમ લાગણી દુખાવ્યાનો સવાલ વચમાં લાવી અટકાવવાની માગણી કોઇએ કીધી નથી. ખરેખર મી० રાધા કૃષ્ણની લાગણી દુખાવ

બહાનું વચમાં લાવી, પોતાનો ધર્મ વધારવાની શોધ માટે શાબાશી આપવી જોઇએ; પરંતુ અમને લાગે છે કે, તેવી શોધ કોઇ પણ ધર્મનો બચાવ કરી શકી નથી. તેવી ધમકીથી બચાવ કરવો એ કોઇ બચાવ નથી. બચાવ તો લોકોના વિચારોમાં ફેરફાર ઉતપન્ન કરાવ્યાથી થાય છે. આમ ભાઇ સાહેબજી ડરી; અથવા ભિક્ષુક બની જવાથી કાંઇ બચાવ થઇ શકશે નહિ. તેમ આવી રીતના પ્રયાસથી કોઇ પણ ધર્મ પોતાનો બચાવ કે ઉમેરો કરી શક્યો નથી; બલકે તેવો બચાવજ ખુદ પોતાના ધર્મને છીન્ન ભિન્ન કરી નાંખનાર છે.

કેટલીક વખતે કેટલાક અણુસમજુ ધર્મ પ્રચારકો, મુર્ખાઇ ભરી રીતે અસભ્ય તથા બદનક્ષી વાળી ઇબારત લખી, સામાનું અપમાન કરે છે, ત્યારેજ માત્ર લાગણી દુખવ્યાનો સવાલ થઇ શકે છે. આ માટે તો ઇનસાફી સરકારો મોજુદ છે અને તે પોતાની પવિત્ર ફરજ બજાવે છે; પરંતુ અપવાદ રૂપે એવું પણ જોવામાં આવ્યું છે કે, લાગણી દુખવ્યાના અવાજમાં કાંઇ પણ વજુદ હોતું નથી; પરંતુ ખરેખરી લોકોની લાગણી તો દુખાઇ છે; જો કે તેમની લાગણી દુખાયા જેવું સામા માણસ તરફનું અસભ્ય તથા બદનક્ષી કરનારૂં લખાણ થયું નથી, તો પણ વધુ લોકોના અવાજને માન આપવાની સરકારને જરૂર પડે છે અને તેમ કરવામાં સરકાર વ્યાજબી હોય છે; પરંતુ અરજદારો વ્યાજબી પર ગણાત: નથી આવે પ્રસંગે જો

કે બરજાશરો પોતાના મોટા અવાજને લઇ ફાવી જાય છે, પરંતુ તેથી તેના ધર્મનો બચાવ થઇ શકતો નથી; બલકે વધુ ને વધુ ફુંસવાડા ભર્યો થતો જાય છે.

—ચોથો મુદ્દો.—

કોઇ પણ મુસલમાન પોતાનો ઇસલામી ધર્મ તજી પરધર્મમાં ચાલ્યો જાય, તે ઇસલામ તથા ઇસલામીઓને હાનીની વાત છે. મી. રાધાકૃષ્ણ તથા બીજા ૫૦૦ આગાખાનના શખ્શી મુરીદો આગાખાની પંથથી નીકળી જઇ આર્ય સમાજી થઇ ગયા છે એ રીતે ઇસલામીઓ પોતાના ૫૦૦ મેમ્બરો ગુમાવી બેઠા છે. એ રીતે મી. રાધાકૃષ્ણનો પ્રયાસ ઇસલામને સખ્ત નુકસાન કરનારો નીવડયો છે. અને નીવડવાની વકી લાગે છે. તો આવા ઇસલામના કટ્ટા શત્રુથી દરેકે દરેક મુસલમાને ચેતી જવું જોઇએ અને આગાખાની પંથનું રક્ષણ કરવાને મેદાનમાં આવવું જોઇએ. જો તેમ નહિ કરવામાં આવે તો ઇસલામને હાનીની જે વકી અમોએ જણાવી છે તે સત્ય ઠરશે

આવી ઇસલામને થતી હાનીથી બચાવવા માટે આગાખાની પંથનો ઇસલામના દરેક ફીરકાના મોલવીઓ, ઉપદેશકો, તથા લેખકોએ અભ્યાસ કરવો જોઇએ. અને તેને બરાબર ઇસલામના મધ્ય બીંદુમાં લાવી મુકવો જોઇએ, કે જેથી બીજા ફીરકાઓની જેમ તેનું પણ રક્ષણ થઇ શકે. આગાખાની મત તથા

તેનેજ મળતા હીરકાઓ વિશે બહુજ સાવચેતીથી કામ લેવું જોઇએ; કેમકે બીજા કોઇપણ ઇસ્લામી ફીરકા વિશે ધાસ્તી નથી; પરંતુ તેના વિશે છે. અને તે એટલા માટે કે, તેના અજ્ઞાન અગ્રેસરોએ અજ્ઞાનતા તથા સ્વાર્થને વશ થઈ, તેના સ્થાપક પીરોએ જણાવેલા અકાયદો તથા માન્યતાઓથી ખસવા માંડી પોતાના મતને હીન્દુ તથા મુસલમાન બંનેનો સેળભેળ મત બનાવવા માંડયો છે. અને સાથે સાથે તેઓ ઇસ્લામની તોહીદ, કુરાને મજીદ, નમાજ, રોજા, હજ, જકાત વીગેરે તરફ પોતાના મતવાળાને જાહેર રીતે અભાવ ઉત્પન્ન કરાવવા લાગ્યા છે અને તેથી ધાસ્તી રહે છે કે, જો તેમનો તેવો પ્રયાસ સફળ થયો તો, તેથી ઇસ્લામને સખ્ત હાની પહોંચશે. આ બાબતને અમો પાકે પાયે જાણીએ છીએ; તેથી અમો તેને વધુ ભાર આપીને જણાવીએ છીએ.

આગાખાની મતના કેટલાક આગેવાનો હમણાં હમણાં ન્યાયની કોર્ટોમાં વટીક, પોતાના ધર્મને તોહીદ, કુરાન, નમાજ, હજ, જકાત તથા શરીયતને નીસબત નથી તેમ જણાવી, તેવી બાબતોથી પોતાને નિરાળા કરવા માગે છે. અને પોતાનો મત તેવોજ છે તેમ કહે છે; પરંતુ તેમનું તેમ કહેવું તે મતના સ્થાપક પીરોના રચેલા પુસ્તકોથી તદ્દન જુદું અને ખુદ આગા-ખાંને રચેલા પુસ્તકોથી પણ ખીલાફ છે; પરંતુ તેઓ તે પી-રોના પુસ્તકોને જીભથી હા હા કરી, ખરી રીતે તેથી વિરૂદ્ધ

માન્યતા માનવા તથા મનાવવા લાગ્યા છે. માટેજ તેમની બહુ સંભાળ લેવી જોઇએ અને તેમને ઇસલામી શાસ્ત્ર, પીરોના પુસ્તકો તથા આગાખાનના પુસ્તકો પ્રમાણે સાલતા કરી, ઇસલામમાં મજબુત કરવા જોઇએ; કે જેથી ઇસલામને હાનીની ધાસ્તી રહે નહિ. અને અમો આ સબંધે જે પ્રયાસ કરીએ છીએ, તે તરફ દરેક ઇસલામી બંધુએ કાળજી ભર્યું લક્ષ આપવું જોઇએ.

આગાખાન મતના માણસો હીન્દુ ન થઇ જાય, તે માટેના પ્રયાસોમાં તે મતના પુસ્તકોનો અભ્યાસ એ એક મુખ્ય પ્રયાસ છે. પીરોના રચેલા પુસ્તકો પ્રથમતો સીંધી લીપિમાં હસ્ત લખિત હતાં; પરંતુ હમણાં હમણાં મી. લાલજીભાઇ દેવરાજે તેને છપાવી બહાર પાડવા માંડયા છે. અને એ રીતે તેમણે ઇસલામ ઉપર મોટો ઉપકાર કર્યો છે; કેમકે જો તેઓતેમ નહિ કરતે તો આગાખાની મત વિશે કોઇને માહિતી મળી શકતે નહિ અને તેથી તેના બચાવના રસ્તાથી સઘળા અજાણ્યા રહેતે.

આ પુસ્તકો સીંધી લીપિમાં છાપેલાં છે અને જુજ જુજ કીમતના છે. તેની ભાષા કચ્છી, ગુજરાતી તથા સીંધી મિશ્ર છે, અને જે સમજવી બહુજ સહેલ છે. અજ્ઞાનમાં અજ્ઞાન માણસ પણ તેને સહેલાઇથી સમજી શકે છે. તો આ પુસ્તકોના તરજુમાઓ ગુજરાતી, ઉરદુ તથા સીંધીમાં કરવા જોઇએ;

કેમકે તે ત્રણ ભાષા વાળા વિભાગોમાંજ આગાખાની મુરીદો-ની મોટી સંખ્યા આબાદ છે. આવી જાતના તરજુમાઓ આ-જના સમયમાં કરવા કાંઇ મુશ્કેલ નથી. માત્ર મુસલમાનોએ તે કામ હાથમાં લેવું જોઇએ. જો તેમ થાય તો અમો ખાત્રી પુર્વક કહીએ છીએ કે, એક પણ આગાખાની મુરીદ ઇસ્લા-મને તજી આપી જશે નહિ. શું ઇસલામની આવી સેવા બજા-વવી એ દરેક ઇસલામીની ફરજ નથી? જ્યારે ફરજ છે ત્યારે તે ફરજ બજાવવા માટે વ્યવહારૂ પગલાંઓ ભરવાને ઢીલ નહિ કરવી જોઇએ, નહિતર સળગી ચુક્યા પછી, પાણી કાંઇ પણ લાભ પહોંચાડી શકશે નહિ.

અમારૂં એમ માનવું છે કે, અજ્ઞાનતા જે ખરાબ કામો ન કરાવે તે થોડાંજ છે અમારા મુસલમાન ભાઇઓની અજ્ઞા-નતાએ કેટલેક ઠેકાણે ઇસલામને લાભ પહોંચાડવાને બદલે, તેને નુકસાન પહોંચાડવા માંડયું છે; જો કે તેઓને તેની ખબર નથી. તેઓ તો શુધ્ધ દાનતથી ઇસલામની સેવા બજાવવાનું ધારી તે કામ કરે છે. આ કામ બીજું કોઇ નહિ પણ તે મી. રાધાકૃષ્ણને તથા આર્ય સમાજીઓને મદદ કરવાનું છે. કેટલા ક મુસલમાનો મી. રાધાકૃષ્ણ તથા આર્ય સમાજીઓને એમ ધારી મદદ કરે છે કે, તેઓ આગાખાનીઓને સીધા રસ્તાપર લાવવાનું કામ કરે છે અને મી. રાધાકૃષ્ણ તથા બીજા આર્ય સમાજીઓ તેમની મદદ લેવા માટે તેમને પાકા મુસલમાન બ-

નાવવા માટે જણાવી મદદ માગે છે તથા લે છે, પરંતુ તેઓ શ્રી. રાધાકૃષ્ણ તથા આર્ય સમાજીઓની મક્કૂર જાળને જાણતા નથી, કે તેઓ તેમનીજ સહાયતા લઇ મુસલમાનોને હીન્દુ બનાવી દેવાનું કાર્ય કરે છે. માટે એવા મુસલમાનો, કે જેઓ ઉપરની ભુલવણીમાં હોય; તેમણે પોતાને ભુલાવવામાં તો નથી આવતાને, તે બાબતની પ્રથમથીજ ખાત્રી કરી લેવી જોઇએ.

—પાંચમો મુદ્દો.—

હજરત ઇમામ જાફર સાદક અ૦ ફરમાવે છે કે, "જ્ઞાન એ તીજોરીમાં છે અને તે વાદ વિવાદની કુંચીથી ખુલે છે." માટે દરેક બાબત ઉપર વાદ વિવાદ થવો જરુરનો છે. વાદ વિવાદથીજ જગતમાં દરેક ઉતમ બાબતોનો પ્રકાશ પડે છે. અને તેને તજી દેવાથી સઘળે અંધકાર ફેલાઇ જાય છે. માટે વાદવિવાદની હસ્તીને બહુજ આવકારદાયક ગણવી જોઇએ, પરંતુ તેને આવકારદાયક ગણવાની સાથે, તેના ઉત્તમ ધોરણનો બહુજ ખ્યાલ રાખવાની જરૂર છે જો વાદવિવાદ તેના ઉત્તમ ધોરણે હોય તોજ, વાદવિવાદનો પુર્ણ હેતુ પાર પડે છે; પરંતુ જો તે નીંદાને પાત્ર ધોરણે કરવામાં આવે છે તો, તેથી લાભ થોડો અને નુકસાન વિશેષ થાય છે. દરેક ધર્મો વચ્ચે જે નાપસંદગીના કેસો જોવામાં આવે છે તે, તેવા કનીષ્ટ ધોરણનો પ્રતાપ છે. વાદવિવાદ એ દુધ સમાન છે અને તેનું ઉત્તમ ધોરણ તેમાં સાકર અને જંગલી ધોરણ તેમાં ઝેર ભેળ-

વે છે. ઉત્તમ ધોરણે થવાથી સત્યનો પ્રકાશ જલદી થઇ એખ્ખલાસ વધેછે, જ્યારે ખરાબ ધોરણે થવાથી હેતુ નાબુદ થઇ કુસંપ ફેલાય છે. ઘણા કનીષ્ટ ધોરણે વાદ વિવાદ કરનારાથી, ઘણાંજ કડવાં પરિણામો આવેલાં છે. ખુના મરકી સુધીની નોબતો આવવા પામી છે; કેમકે જો વાદવિવાદ કરનાર સામા પક્ષના પુજ્ય મનાતાને અસભ્ય શબ્દમાં યાદ કરે તો, સામા પક્ષની લાગણી દુખાયજ અને તેમ થતાં ગંભીર પરિણામો આવે એ સ્વભાવિક છે. માટે કહેવાનો હેતુ એજ છે કે વાદ વિવાદ તેના ઉત્તમ ધોરણે થવો જોઇએ અને તેટલા માટેજ તેની કુરાને મજીદમાં પણ બહુજ તાકીદ કરવામાં આવી છે.

અમોએ મી૦ રાધા કૃષ્ણના પચીસ સવાલોનું ભાષાન્તર જવાબ સાથે જુદુંજ છપાવ્યું છે અને ખુલ્લી ચીઠ્ઠીનું ભાષાન્તર આ પુસ્તકમાં આપેલું છે. તે પુરેપુરૂં અપવાના અમારા અનેક ઉદ્દેશોમાં એક એ ઉદ્દેશ પણ છે કે, અમો પબ્લીકને તેમ કરી દેખાડીએ કે, મી૦ રાધા કૃષ્ણનું વાદ વિવાદનું ધોરણ ઉત્તમ છે કે નઠારૂં. અમો તે સબંધે કાંઇપણ અભિપ્રાય આપીએ, તે પુર્વે વાચકોએ જરૂર અભિપ્રાય બાંધી લીધેલો હોવો જોઇએ કે, તે તદ્દન હડહડતું નીંદાને પાત્ર છે.

નામદાર આગાખાન જેવા માનવંત કોમી લીડરને નિર્દય ધોરણે ગાળો ભાંડવામાં આવી છે અને એવા નીચ આક્ષેપોથી યાદ કરવામાં આવ્યા છે કે, જેનું વર્ણન કરતાં પણ અમારે

દીલ કંપે છે. અને વાચકો પ્રખ્યી ચીઠ્ઠીના ભાષાન્તરથી, તેથી જાણીતા થઇ ગયા હશે. તો આવી રીતની તદ્દન ધિક્કારને પાત્ર વર્તણુથી તેઓએ પોતાની ઇન્સાનિયતને સુખ્ત બટ્ટો લગાડયો છે અને આર્ય સમાજીઓ માટે જે ગાળગલોચ આપવાનો સામાન્ય આરોપ મુકવામાં આવે છે તે આરોપને તેમણે પ્રત્યક્ષ પુરવાર કરી આપ્યો છે. અને કોઇને પણ તે અસત્ય લાગશે નહિ. તો આવી રીતનું વર્તણુ ગ્રહણ કરી તેમણે ઇરાદા પુર્વક નામદાર આગાખાન તથા તેમના મતનું અપમાનજ કીધું છે એટલુંજ નહિ પણ કાયદાની હદ પણ ઓળંગી છે.

હમેશાં મહોબ્બત સાથેંજ ઉપદેશ અસર કરે છે. ગાળગલોચ આપી ઉપદેશ અસર કરાવવામાં હજુ કોઇપણ ફાવ્યું નથી. માતાને બાપની બૈરી કહી કોઇપણ પુત્ર સારો કહેવાયો નથી. તેવીજ રીતે નીંદાને પાત્ર વાદવિવાદના કરનાર જગતમાં વગોવાયા તથા નિષ્ફળ નીવડયા છે. હવે તેવી રીતે અસભ્ય ભાષામાં મનમાં આવે તેમ ગાળગલોચ કરનાર, કદાચ મનમાં મનમાં મલકાય તો. તેને માટે કેવો અભિપ્રાય બાંધવો એ સૌ કોઇ સારી પેઠે સમજી શકે છે. ગાળગલોચ આપનારને તેવીજ રીતે જવાબ આપવો એ તેવીજ કોટીમાં પોતાને મુકવા સમાન છે અને જે દરેક રીતે ગેર મુનાસબ ગણવામાં આવે છે નહિતર ખુદાએ જેને જીભ આપી છે. તે મરજી પડે તેમ

બોલી શકે છે અને જેને કાગળ કલમ આપી છે, તે મરજીમાં આવે તેમ લખી તથા છાપી શકે છે; પરંતુ માણુસાઇ રજા નથી આપતી કે, તેમના ગાલગલોચના વાકયોનો તેવોજ જવાબ આપવામાં આવે. ખુદાનો શુકર છે કે, લોકોમાં હવે પરખ શકિત ખીલતી જાય છે. અને તેવા લખાણોને લોકો તુરતજ પારખી લે છે. અને તે સઘળું દ્રષ્ટિ ગૌચર થતાં અમો ઘણાં ખુશી થઇએ છીએ.

મી. રાધાકૃષ્ણ તમોએ જેવી રીતે નામદાર આગાખાન તથા અમારા પ્રતાપી પીરો, કે જેમણે સતપંથની સ્થાપના કરી ઇસલામ તથા હીંદુ ધર્મને મહાન ટેકો આપ્યો છે અને તેને લઇ તેઓ અમારામાં બહુજ પુજ્ય મનાય છે તેને કેવી કેવી અસભ્ય ભાષામાં યાદ કરી, અસભ્ય આક્ષેપો મુકયા છે તો શું તમો એટલું પણ નથી સમજી શકતા કે, તેથી અમારી લાગણી નહિ દુખાતી હોય ? જો તમારાજ કોઇ ધર્મ ગુરૂને દાખલા તરીકે સ્વામી દયાનંદ સરસ્વતીને તેવી અસભ્ય ભાષા તથા તેવાજ આક્ષેપોથી અમો યાદ કરીએ તો, શું તમારી તથા આર્ય સમાજીઓની લાગણી નહિ દુખાય ? જરૂર દુખાય અને દુખાવીજ જોઇએ. તો તેવીજ રીતે તમારે અમારી સ્થિતિ તથા લાગણીનો પણ વિચાર કરવો જોઇતો હતો. ઘડીભર માટે તમારા ધર્મવીરોને પણ જો તેમ કહેવામાં આવે તો, તમોને કેવું લાગે, તેવો તો વિચાર કરવો જોઇતો હતો. પરંતુ તમો

તેમ કરવાને ચુક્યા છે અને તેમ કરી તમોએ સારી રીત જાતને સખ્ત ફટકો માર્યો છે. અમો તમારી તેવી અસભ્ય વાણી માટે બીજું કાંઇપણ કહેતા નથી; પણ એટલુંજ કહીએ છીએ કે તે તમોને તથા આર્ય સમાજીઓને મુબારક થાય.

મી૦ રાધા કૃષ્ણ ! અમને ખુલી રીતે જણાઇ આવે છે કે, તમો ટટ્ટીની આડમાં શીકાર ખેલો છો. કદી શમ્શી મુરીદોને હીન્દુ બનાવવાનું જણાવો છો. કદી તેમને આગા સાહેબ સુન્ની મુસલમાન બનાવી દે, તેવી માગણી કરો છો. કદી મનુષ્યે કરેલા ખુદાઇ દાવાનો નાશ કરવાનું જણાવો છો. કદી હીન્દુઓને પોતાના પક્ષમાં લેવા પ્રયાસ કરો છો. કદી મુસલમાનો પાસેથી સહાયતા માગો છો. કદી આગા સાહેબને અને કદી તેમના અનુયાયીઓના ઉપર આક્ષેપો મુકો છો અને કદી ઇસલામના મીશનરીઓ ઉપર ગંભીર તોહમતો મુકો છો અને કદી ઇસલામ ઉપર બેદરદીથી હુમલો કરો છો. અને એ રીતે વિચિત્ર પ્રકારના ભેસ ખેલી પોતાની ચક્કર જાળ ફેલાવો છો; પરંતુ જ્યારે તમો શાસ્ત્રાર્થ અને વાદ વિવાદના મેદાનમાં ઉતર્યા છો ત્યારે તેમ પેંદા વિનાના ઘડા બનો એ ઇન્સાનિયતથી ખિલાફ છે. પ્રથમ તમો તમારો કેસ તૈયાર કરો અને પછી રજુ થાઓ એટલે તમારૂં દરેક સમાધાન કરી આપવામાં આવે.

શમ્શી લોકોને તમો આગાખાની મતમાંથી છોડાવી આર્ય સમાજના બનાવવા માગો છો એ ખરેખર તેમના ઉપર જુલમ કરવા સમાન છે. કેમકે તેઓ નિરંજન નિરાકાર, સર્વ શક્તિ-

વાન, અનુપમ, અનાદી, સર્વ વ્યાપક, સૃષ્ટિ કર્તા વીગેરે સીફાતો ધરાવતા ખુદાની બંદગી કરે છે; પરંતુ આર્ય સમાજમાં આવતાં કાંઇપણ ઉતપન્ન નહિ કરનાર, માત્ર નામના ખુદાનીજ તેમણે બંદગી કરવી પડશે. મોક્ષના દ્વારો તેમના માટે બંધ થઇ જશે. લક્ષ ચોર્યાશી ફેરાની ઘટમાળમાં તેમને ફેરાફેરી કરવી પડશે. નિયોગ જેવી બહુદુમા વસ્તુના તેમને ભોક્તા થવું પડશે. વળી સાથે સાથે કરોડો સનાતની ભાઇઓથી તેમને જુદું થવું પડશે; કેમકે આર્ય સમાજીઓ સનાતનીઓ સાથે હાડવેર, રાખતા જોવામાં આવે છે. તો પછી તેમને આર્ય સમાજ બનાવી દઇ નહિ ઘરના કે નહિ ઘાટના કરી દેવાથી, તમો તેમને લાભને બદલે નુકસાન કરશો અને સામાન્ય રીતે શાંન્તીમાં વિઘ્ન કર્તા નીવડયા છો તેમ તેમાં વધુને વધુ હાતપત થતા જશો. શાબતર્ યા ઉકીલ આગસાર.

—છઠો મુદ્દો.—

આગખાની મત ઉપર જે આક્ષેપો મુકવામાં આવ્યા છે તે, તદ્દન ગેર સમજુતીને લઇ અથવા તો પોતાનો મલિન હેતુ પાર પાડવાને મુકવામાં આવેલા છે. આગાખાન પોતેજ ખુદા અને પોતેજ પૈગંબર છે, વળી તેઓ શ્રીમાન બ્રહ્માજીના અવ-તાર છે, બીજા પીરો પણ હજરત મહંમદ સ. ના અવતારો હતા, ખુદાએ મચ્છ, કચ્છ, વરાહ ઇત્યાદિના રૂપ અવતારો

લીધા વાગર વીગેરે માન્યતા આગાખાની મતની જા...વી તે ઉપર મોટા આક્ષેપોની ઇમારત ચણી છે; પરંતુ મી૦ રાધા કૃષ્ણને અમો ખાત્રી પુર્વક કહીએ છીએ કે, તેવી માન્યતાને આગાખાની મત સાથે કશુએ લાગતું વળગતું નથી. જો તમો અમારા તરફથી બહાર પડેલા ખોજા પંથ દ...ના કુલ આઠ ભાગો વાંચી જુઓ તો, તમારી સઘળી ગેર સમજુતી દુર થાય. આ સબંધે પચીસ સવાલના જવાબનું પુસ્તક તમો એકવાર ફરીથી વાંચી જુઓ તોપણ તમારા મતનું સમાધાન થઇ જાય; પરંતુ જો તમો સત્ય શોધક પણાને લાત મારી, માત્ર શ્રમ્શી મુરીદોને આર્ય સમાજીજ બનાવી દેવાની ધુનમાં હો તો, અમોને ખાત્રી છે કે, તમો અમારી વાત ભાળશો નહિ; કેમકે જેણે સત્ય હેતુને તજી દીધો અને નઠારા હેતુને પોતાનો મોમિઓ બનાવી લીધો, તેને કોઇની વાત સાંભળવા સાથે શું નીસબત? આવી સ્થિતિ વચ્ચે તમો કોઇની વાત ન સાંભળો અને સત્યને બાજુએ મુકી ન આપો તો બીજું શું કરો! તમારે એમજ કરવું જોઇએ. તમારામાં અને રાય બુલાગલમાં શો તફાવત?

આગાખાન મતના જે પુસ્તકો છે, તેમાં મુખ્ય...કરીને બે બાબતો છે. એક તો ઇસલામ મત પ્રમાણેનો ઉપદેશ અને બીજી પીરોએ હીન્દુઓને જે યુકિતથી મુસલમાન ... તેની પધ્ધતિઓ તથા પ્રયોગો. આ પદ્ધતિઓ તથા પ્રયોગો

તે માત્ર પદ્ધતિઓ તથા પ્રયોગોજ છે. તેને ઇસ્લામની માન્યતા સાથે કશીપણુ નીસબત નથી; પરંતુ તમોએ તે પદ્ધતિ તથા પ્રયોગોને કેટલાક આગાખાની મતના અજ્ઞાનોની જેમ, આગાખાન મત માની લીધો, એ નવાઇની વાત છે. જો તમો જ્ઞાની હોવાનો દાવો કરો તો, જ્ઞાની તથા અજ્ઞાની વચ્ચે તફાવત રહેવા દેવો જોઇએ; પરંતુ અમો જોઇએ છીએ કે, તમો તેવી ભુલથાપ ખવડાવી આગાખાનીઓને બેહકાવી, શંકાશીળ કરી આર્ય સમાજી બનાવવા માગો છો; પરંતુ યાદ રાખવું જોઇએ કે તે સારી રીતભાતથી ઉલટું છે.